(1)

સિંહાવલોકન

Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ૨૨-૨૩-૨૪
રવીવાર તા. ૧-૮-૩૭.

## આજની સાધુતા (!)

[માજી રક્ષક વિજયજી જેઓ સાધુતાના સ્વાંગને દુર કરી સંસારી બન્યા છે તે ભાઇ રતીલાલ મોતીચંદે કરેલા એકરાર પરથી સાધુતાના સ્વાંગમાં ભરીખાના ગુંડાઓની ગુંડાગીરીનો ચિતાર ભાઇ રતીલાલના શબ્દોમાંજ નીચેમુજબ રજુ કરીયે છીયે.]

અમદાવાદથી વિહાર વખતે મારી સાથે પ્રેમસૂરિ તથા જંબુવિજયજી આદિ સાત આઠ સાધુઓ હતા. વિહારના દિવસથી આઠેક દિવસ પહેલાં પ્રેમસૂરિ તથા જંબુવિજયજીને નવિન દીક્ષીત ( એટલે હું પોતે ) નાઠ્યો જવાનો છું તે બાબતની કુદરતી તેમજ આકસ્મિક રીતે માહીતી મળી હતી; જેથી કહેવાતા શાસનરસિક સાધુઓએ પોતાનું પહેલુ વ્રત પ્રાણાતિપાત બાજુ પર રાખીને બે ધારીયાવાળા તેમજ બીજા પંદરેક માણસો વિહારમાં સાથે રાખેલા હતા; જેઓ મારા ઉપર સખ્ત જાપ્તો રાખી રહ્યા હતા. આ વખતે મારા મનમાં હું વિચાર કરતો કે આ સાધુઓ છે કે શ્રમણ ભગવાન મહાવીરના વેષમાં રહેલા......છે ? તેઓનુ પહેલુ વ્રત શું કહે છે કે કોઇ જીવની હિંસા કરવી નહિ. કરાવવી નહિ, તેમજ કરતાને અનુમોદન આપવું નહિ. તો પછી આ સાધુઓને ધારીયાવાળા રાખવાની શી જરૂર હતી. આ ઉપરથી જનતા સમજી શકશે કે આ સાધુ કે કેટલા દંભી અને નિર્દયહૃદયના છે. વિહારમાં તેઓએ સ્થાનો એવાજ નક્કી કરી રાખ્યા હતા કે જ્યાં સાધુના નિમિતેજ રસોઇ બનાવવામાં આવતી હતી. ક્રમે કરીને અમે બધા આણંદ રાતના આઠ લગભગ પહોંચ્યા અને બહારની ધર્મશાળામાં ઉતારો મેળવ્યો. બીજે દિવસે સવારમાં લગભગ સાડા પાંચના નિકળી નવદસ વાગતા વાસદ આવી પહોંચ્યાં મારા પ્રથમના સંકેત મુજબ મારા પિતાશ્રી તથા મારી સ્ત્રી વાસદમાં આવેલા હતા; જેઓને મેં વાસદની ભાગોળમાંજ નીહાળ્યા હતા.

અમદાવાદમાં રતનબાઈ પ્રકરણ અને ખંભાતમાં કાંતિવિજય પ્રકરણથી પ્રસિદ્ધ થએલા આ સાધુઓને વાસદમાં ઉતારો મેળવતા મુશ્કેલી પડી છેવટે દેરાસર પાસેના ઉપાશ્રયમાં સ્થાન મેળવ્યું.

અહિંયા અમો આ પાણી વાપરતે બેઠા હતા. તે વખતે અમારી સાથે રહેલા અમદાવાદીઓ તથા ધારીઆવાળા ગામમાં એક સ્થાને રસોઇ પાણી કરવામાં રોકાયલા હતા. વૈશાખ માસની સીઝન હોવાથી શીખંડ પુરીનું જમણ બનાવવાનો વિચાર રાખેલો અને તેમાં શીખંડ પણ અમદાવાદથી લાવવામાં આવ્યો હતો.

અહિંયા મારા પિતાશ્રી ઉપાશ્રયમાં આવ્યા અને મને સોંપી દેવા સાધુ પાસે આગ્રહ પૂર્વક વિનંતી કરી; પણ તેઓએ ઘણો ઉદ્ધતાઇ ભર્યો જવાબ આપ્યો એટલે ત્યાંથી બહાર ગયા. તે પછી સાધુઓ માંહોમાંહે વિચાર કરવા લાગ્યા. 'મોતીલાલ (મારા પિતાશ્રી) એકલા છે, એટલે એમનાથી કંઇ નહિ વળતા કંટાળીને પાછા ચાલ્યા જશે અને કદાચ કાંઈ ધમાલ કરશે તો આપણે સાત જણા છીએ, એટલે તેમને પહોંચી વળીશું'' મારા પોતાના મનમાં હું અહિંયાથી જઇ શકીશ એવું ચોક્કસ હોવાથી શાંતિથી બેસી રહ્યો હતો. ઉપરની વાતચીત ચાલતી હતી તેવામાંજ મારા પિતાશ્રી અને મારી સ્ત્રીને દુરથી આવતા અમારામાના સાધુએ જોયા. અમદાવાદીઓને આ સમાચાર પહોંચાડવાનો ટાઇમ નહિ હોવાથી આ સાધુઓએ ઉપાશ્રયનાં બારણાં બંધ કરી દીધાં.

હવે આ શાસન રક્ષકો પોતાનું કરેલું કૃત્ય ઢાંકવા આ. પ્રેમસૂરિ અને જંબુવિજયજી આદિ સાધુઓ બીજાના મારફતે જે આ પ્રકરણમાં બીલકુલ જાણતા નથી તેમજ જેમનો લેશ પણ હાથ નહોતો; એવા આચાર્યવિજયનેમિસૂરિને તદ્દન ગંદીય ભાષામાં ખોટા આક્ષેપો છાપાદ્વારા કરે છે તે ઘણુંજ નીંદનીય તેમજ શાસન હેલના કરનારૂ છે.

હવે પ્રેમસૂરિ જંબુવિજય આદિ સાધુઓ શુરવીર લડવૈયાની માફક હાથમાં દંડા લઇને ખભા આગળ ઉંચા રાખીને ઉંધા ઘુંટણે દ્વાર આગળ બેસી ગયા. આ વખતે તેઓને ચહેરો તથા આંખો વિકરાળ તેમજ ભયાનક બની ગઇ હતી ઉપાશ્રયના બારણા જુના થઇ ગએલા હોવાથી તેમાંથી સાંધો છુટી પડેલી હતી કે જેથી બહારથી કોણ આવે છે તે રીતસર દેખી શકાતું હતું. મારા પિતાશ્રી તથા મારી સ્ત્રીને બારણાની લગોલગ આવતાં જોયા કે પાછળથી દ્વાર આગળ થઇને આવીને મેં એક નાની બારીની સાંકળ ખોલી નાખી કે તરતજ પ્રથમ મારી સ્ત્રી દાખલ થઇ ગઇ; પરંતુ મારા પિતાશ્રી અંદર આવી શક્યા નહિ. જેવી મારી સ્ત્રી અંદર દાખલ થઇ કે તરતજ આ સાધુઓમાંના એકે મારી સ્ત્રીને ખભા ઉપર દંડાનો પ્રહાર કર્યો અને બીજાએ પગ ઉપર કર્યો. માર એટલો સખ્ત લાગ્યો કે દંડાના ટુકડા થઇ ગયા અને મારી સ્ત્રી બેભાન બની ગઇ અને મને પણ અંધારા આવવા લાગ્યા. જૈનો જાણે કે અહિંસાના સુત્રધારી આ સાધુઓ કેટલે દરજ્જે પોતાના ચારિત્રને ઠોકરે મારે છે. આ ઘટના મારી પોતાની પ્રત્યક્ષ અનુભવેલી છે. છાપાઓમાં એને અંગે જે ખોટી વિગતો પ્રકટ થાય છે તે પ્રત્યક્ષ અનુભવીઓએ બહાર પાડેલી હોતી નથી માટે જનતા તેઓથી ચેતતી રહેશે.

પછીની બીના ઘણીજ હૃદયદ્રાવક, જુલમી અને સાધુઓને લાંછન લગાડનારી છે; જે જાહેરમાં મુકતા મને શોચ થાય. માટે આટલેથી સંતોષ માની કોઇપણ બીના વાસદ પ્રકરણને અંગે સામા પક્ષ તરફથી પ્રગટ નહિ થાય તો હું આટલેથી સમાપ્ત કરીશ.

# તરુણ જૈન.

તા. ૧-૮-૩૭

## સિંહાવલોકન.

### યુવક પ્રવૃત્તિ

જૈન સમાજમાં જ્યારથી યુવક પ્રવૃત્તિનાં મંડાણ થયાં ત્યારથી અત્યાર સુધી સમાજને લાભ થયો છે કે હાની ? એ પ્રશ્નનો ઉત્તરતો ભવિષ્યનો ઇતિહાસકાર આપશે, પરંતુ છેલ્લા નવ વર્ષથી સંગઠિત યુવકોએ પ્રત્યાઘાતી બળો સ્હામે જે ટક્કર ઝીલી છે, તેની કોઇ અવગણના કરી શકે નહિ. તેમાંયે મુંબઈ જૈન યુવક સંઘે છેલ્લા નવ વર્ષથી પ્રગતિ રોધક અને રૂઢિચુસ્તો સ્હામે મોરચા માંડી, પોપશાહી શ્રીમંતશાહી અને પટેલશાહીનાં દંભના જુલ્માચારી સમાજ સમક્ષ તેમને ખુલ્લાં કરવાની જે જહેમત ઉઠાવી છે અને સમાજને તેનાં સ્વાર્થનો ભોગ થતો બચાવ્યો છે તે માટે કોઇ તટસ્થ અવલોકનકાર તેને શાબાશી આપ્યા વગર રહી શકેજ નહિ. તેણે જોયું કે સમાજની પ્રગતિ રોધક કોઈપણ શક્તિ હોય તો તે સાધુશાહીજ છે. એટલે સાધુશાહી સામે મોરચા માંડયા, જે વિષયમાં સાધુઓને માથું મારવાનો કોઈ હક્કજ નથી. તેવા સામાજીક કાર્યમાં પણ પોતાના ચારિત્ર અને વ્રતોને નેવે મૂકી તેઓ ભાગ લેવા લાગ્યા. યુવકોએ તેનો વિરોધ કર્યો, પ્રચાર પત્રિકા અને પેમ્ફ્લેટો દ્વારા જનતામાં જાગૃતિ આણી, તેની સામે જબ્બર આંદોલન ઉભું કર્યું. એક બાજુ સચ્ચી સાધુતા કઈ હોઈ શકે, તે માટેનું સાહિત્ય રજુ કર્યું, અને બીજી બાજુ તેઓ હાલમાં ભગવાન મહાવીરનાં પવિત્ર વેષનાં ઓઠા નીચે કેવા કેવા કૃત્યો કરી રહ્યાં છે, તેનો તદ્દન સત્ય ચીતાર આપ્યો, પરિણામે સમાજમાં જે તેમનું સ્થાન હતું, તેમનાં પ્રત્યે અંધશ્રદ્ધા હતી, તે દુર થઇ, સાધુઓ સામે બોલાયજ નહિં. નરકનાં ભાગી થવાય, ઇત્યાદિ માન્યતાઓ દફનાઈ ગઈ, અને કોઈપણ માણસ ગમે તેવા સાધુ સામે પોતાનો પ્રમાણિક અભિપ્રાય કહેવાને જરાયે અચકાતો નથી, આમ પંદર વરસ પહેલાં જે સાધુશાહી, સમાજનો આદર, માન અને પ્રતિષ્ઠા મેળવતી હતી. તે આજે અશક્ય બન્યું છે.

બીજી બાબત યુવકોનાં સંગઠનની છે. ભારતભરનાં યુવકો એક બીજાનાં સમાગમમાં આવે અને સમાજની પ્રગતિ માટે વિચારોની આપલે કરી પ્રગતિનાં રાહ આંકે તેમાટે જૈન યુવકપરિષદ ભરી સમાજનાં યુવકોનો સહકાર મેળવી, અનેક સળગતા પ્રશ્નો ઉપર ઠરવો દ્વારા સ્પષ્ટ અભિપ્રાય ઉચ્ચાર્યો છે. અને સમાજને માર્ગદર્શન કરાવ્યું છે. કેટલીયે કુપ્રથાઓને તિલાંજલી આપી રૂઢિચુસ્તતાનાં કિલ્લામાં ગાબડું પાડયુંછે.

પર્યુષણ જેવા મહાપર્વમાં કલ્પસૂત્રજ સાંભળવાની વર્ષોજૂની પ્રથાને ભસ્મીભૂત કરી જુદાજુદા વિદ્વાન દ્વારા ભિન્ન ભિન્ન વિષયો ઉપર વ્યાખ્યાનો કરાવી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો એક જુદોજ શીરસ્તો પાડી તેમાં લોકોને રસ લેતા કર્યાં છે. અને પર્યુષણમાં પણ સાધુઓની અનાવશ્યકતાને પૂરવાર કરી આપી છે.

સ્ત્રીઓની પ્રગતિ માટે પણ ખુબ પ્રયત્નો કરવામાં આવ્યા છે. અને તેનો સમાન હક્ક સ્વીકારવામાં જરાયે આનાકાની બતાવવામાં આવી નથી.

અયોગ્ય દીક્ષા કે જેનાથી સમાજ ત્રાસી ગયો હતો. તેનાં ઉપર નિયમન કરાવવા પણ ખુબ પ્રચાર આદરેલ અને તેમાં ઘણે અંશે સફળતા મળી છે. ગમે તેમ નસાડી ભગાડી અયોગ્ય દીક્ષાઓ અપાતી હતી, તે આજે લગભગ બંધ પડી છે.

સમાજમાં વ્યવહારિક કેળવણી સુલભ થઈ પડે, તે માટે ખુબ ઉપાપોહ મચાવી કેળવણી વિષયમાં સમાજનું લક્ષ્ય ખેંચ્યું છે. બીનજરૂરી અને ધર્મના નામે ખોટા ખર્ચાઓ થતા બચાવ્યા છે. અનેક જાતનાં આંદોલનો ઉભા કરી સમાજને નવી દ્રષ્ટિથી વિચારતો કરી મૂકયો છે. આમ અનેક વિધ બાબતોથી યુવક પ્રવૃતિની આવશ્યકતા પૂરવાર થઇ છે.

### લેખકોનો આભાર.

તરૂણના ચાલુ વર્ષ દરમ્યાન જે લેખકોનીપ્રસાદીથી તરૂણ સમૃદ્ધ બન્યું છે. તે લેખકોનો તરૂણ જૈનની બોર્ડ આભાર માને છે અને ભવિષ્યમાં પણ તરૂણ જૈનને સમૃદ્ધ બનાવવા પોતાનો દરેક સહકાર આપશે એવી આશા રાખે છે.

### સાદાઇથી લગ્ન.

મુંબઈ જૈન યુવક સંઘના માજી મંત્રી અને જાણીતા નવજુવાન કાર્યકર ભાઈશ્રી રતીલાલ. સી. કોઠારી પાલનપુર ખાતે ગયા મહિનામાં શ્રીમતિ નલીની મહેતા સાથે લગ્ન ગ્રંથીથી જોડાઇ ગયા છે. પાલનપુર જેવા રૂઢિચુસ્ત ગામમાં કેટલીયે હાનિકર પ્રથાઓ જેવી કે ઘુમટા આદિને તિલાંજલી આપી સાદાઈથી જે લગ્નોત્સવ ઉજવ્યો છે તે માટે તેમને અભિનંદન ઘટે છે, અમે ઇચ્છીએ છીએ કે તેમનું દાંપત્યજીવન સુખી નિવડો,

# સુસવાતા વાયરા

**મોરચાબાંધો !**

જૈન સમાજનું સામાજીક બંધારણ મહાસાગર સમ વિશાળ હતું. તેમાં ન્યાત તડ ચોળ કે વાડાઓને સ્થાનજ ન હોતુ અન્યધર્મિઓ જેવી સંકુચિત સ્થિતિના બદલે એટલી તો વિશાળતા હતી કે કોઇપણ મનુષ્ય પછી તે ગમે તે પ્રકારનો હલકામાં હલકો ધંધો કરતો હોય છતાં જૈન બની શકતો, જૈનજગતમાં ભળી શકતો અને સ્વામીભાઇની કક્ષામાં મુકાતો.

આ ઉજળો ભૂતકાળ એમ પોકારીને કહે છે કે જૈનસમાજમાં–સ્વામીભાઇઓમાં ભેદભાવ જેવુ કશુંયે નહોતુ સમગ્ર જૈન સમાજમાં રોટી વહેવાર ને બેટી વહેવાર ચાલતો. પરંતુ પાછેથી સમાજોના વાડા વાડીના ઝાંડા જૈન સમાજને ઉડયા. ને સમગ્ર સમાજનું એકત્ર બળ તુટયુ, ન્યાતો બંધાણી. તેમાંથી વાત વાતની હુંસા તુંસીમાં ચોળો તડો, ને પેટા જ્ઞાતિઓ ફુટી અને તેણે એટલી હદ સુધી સંકુચિતતાની દીવાલો ઉભી કરી કે એક ગામનો ઓશવાળ બીજા ગામના ઓશવાળને પોતાની દીકરી ન દે, તેમ એકજ શહેરમાં એક જ્ઞાતીવાળો જૈન બીજી જ્ઞાતીવાળા જૈન સાથે દાખલા તરીકે ઓસવાળ શ્રીમાળીની કે શ્રીમાળી ઓસવાળની દીકરી ના લાવી શકે, અને લાવે તો એના કહેવાતા રક્ષકો ગુન્હો ગણી પરણનાર મુરતીયાને તેમ તેમાં ભાગ લેનારને દંડે.

આટલી હદ સુધી કડક કાયદાઓ ઘડાવાથી આખીસમાજ છીન્ન ભીન્ન થઇ, તેનું બળ તુટયુ, કુદકે ને ભુસકે સંખ્યા ઘટી, હજારો કુટુંબો જૈન ધર્મ છોડી ગયાં હજારોને ઘેર સાંકળચંદતારાચંદ વસાયા.. છતાં એ સત્તાધારીઓએ જમાનાને ઓળખ્યા સિવાય સમાજની ઉન્નતિનો વિચાર કર્યા સિવાય સત્તાનો કોયડો વિંઝેજ રાખ્યો.

યુવાનો સમજે કે આજના પ્રગતિમાન જમાનામાં આપણી સમાજમાં આવાં સડેલાં જ્ઞાતિતંત્રો ચાલુજ રહે, એના કહેવાતા ચોકીયાતો પ્રત્યાઘાતી બંધનોને પોષ્યેજ જાય તો સમાજને પારાવાર નુકસાન છે–નજીકમાં નાશ છે.

જૈન સમાજનો યુવાન આવા પ્રત્યાઘાતી બંધનો મુંગેમોઢે સહન કરે કે કોરટ દરબાર જાય એના કરતાં એવી જ્ઞાતિઓમાંથી છુટો થઇ જાય, અગર એવી જ્ઞાતિઓના નાદીરશાહી બંધારણોનો ભુકો કરવા દરેક યુવાન સમગ્રજૈન સમાજ સાથેજ લેવડ દેવડ શરૂ કરે એટલે આપ મેળેજ એ સડેલાં બંધારણ તુટી પડશે.

યુવાનોના અંતરમાં સમાજની દુરદશા માટે વેદના થતી હોય તો આવાં જ્ઞાતિ તંત્રો સામે એને સવેળા મોરચા બાંધિજ છુટકો છે. ડાહી ડાહી. વાતો કરી સુધારા થયા નથી ને–થવાના નથી એ સમજી લ્યે.

**ચેતવણી.**

જગતમાં પુરાતના મહાયુગેજ સાધુતાની કીમત અંકાતી. ને સમાજની તે તરફ દ્રષ્ટિ ઠરતી, પરંતુ જ્યારથી સાધુસંસ્થામાં સાધુતાના સીમાડા છોડી કલેશ કંકાસ કરાવનારા–હુંસાતુંસીમાં મસ્ત રહેનારા ને મહારા તારામાંજ મહાલનારા પાક્યા ત્યારથી એ મહત્તા તુટવા માંડી.

જે સદીમાં આડંબરની, વિચાર વગરની ક્રિયાઓની, વર્તન વગરની વાતોની કીમત નથી, પણ સંયમ, ક્ષમા, સહનશીલતા ને સચ્ચાઇની કીમત છે. તે વીસમી સદીમાં આપણા સાધુ વર્ગમાં અનેકને એવો રોગ લાગુ પડયો છે કે અવાર નવાર અર્થ હીણુ ચર્ચાઓ ઉત્પન્ન કરી સમાજમાં જુથોડાજ ઉભા કરવા એટલે પક્ષાપક્ષીમાં જુથ જામે, ને સમાજ દિવસે દિવસે ઘસાતોજ જાય, છતાં આ માનઅકરામને મહોટાઇના મોહમાં તણાતા માનવીઓને આ સિવાય બીજુ કશું સુંઝતુંજ નથી !

થોડા દિવસોથી જાહેર પેપરોમાં સંવત્સરી અંગે અર્થવગરની જે ચર્ચા ચાલી રહી છે તે એ મહાત્માઓ (!)ના ફળદ્રુપ ભેજાનો નુકસો છે. એ નુકસા પાછળ ભકતોની પૈસાતાણ છે. પૈસાનો ધુમાડો છે. સમયની બરબાદી છે. સાધુતાનું લીલામ છે સમાજની પાયમાલી છે. પરિણામે કોઇ ઘોઇને કાદવ ધોવા જેવુ છે. છતાં બેવકુફોની જમાત એમાં ધર્મનો ને સમાજનો ઉધ્ધાર માનતી જણાય છે. નહિતો આવી સાધારણ બાબતમાં આટલી હુંસા તુંસીમાં ઉતારે ખરી ?

સમાજમાં જેઓ વિચાર કરી શકે છે. જેઓને હૈડે સમાજ ને ધર્મનુ હિત છે તેવા સમજુ વર્ગને અમે કહીએ છીએ કે આવી કલેશોત્પાદક ચર્ચાઓથી દુર રહેવામાંજ સમાજનુ હિત છે. આવી અર્થહીણ ચર્ચાઓથી સમાજને કશોય લાભ નથી. પ્રજુષણમાં બુધવારે સંવત્સરી કરવી કે શુક્રવારે કરવી એ કંઇ જૈનધર્મના સિદ્ધાન્તનો સવાલ નથી, પણ પોતાની મહોટાઇનાં પીપુડાં બજાવવા માટે ગોઠવાતી બાજીમાંની એક બાજી છે એટલે એનાથીદુર રહેવામાંજ શોભા છે.

જો સમાજ એના ઘરમાં વ્યાપેલી અશાન્તિ નાબુદ કરી શાન્તિ ઇચ્છતી હોય તો આવી શાહમારીઓના સુકાનીઓને સમજાવી એમની બુદ્ધિ ઠેકાણે લાવે એટલે એ શાહમારી દબાવીદે, અને તેનામાં એ દબાવી દેવાની તાકાત ઓસરી ગઇ હોય તો તેમને કશોય સાથ ન આપતાં જાહેર કરી દે, આ બુધ–શુક્રની ચર્ચા સાથે અમારે કશોયે નીસબત નથી, લેવા દેવા નથી. સાથે સૌ સૌના ગામમાં કે શહેરમાં બુધ–શુક્રના ઝઘડા ન થાય તેની તકેદારી રાખે ને સૌ એકજ દિવસે સંવત્સરી પ્રતિક્રમણ કરી ઐક્ય જાળવવા જેટલો બને તેટલો પ્રયાસ કરે પણ કોઇ સાધુના હાથા બની હોળી ન સળગાવે તોજ પર્વના દિવસો શાન્તિથી પસાર થશે.

**બેઠા બાઉઓને.**

સાધુધર્મની સાધારણ માન્યતા સ્વ અને પરનું કલ્યાણ કરવું તે મનાય છે. લગભગ પંચોતેર લાખ બાવાઓની જમાતનો મોટો ભાગતો પારકા પૈસે તાગડધીન્ના કરનારો હોય છે. જો તે માનવ સેવા તરફ વળે ને કેળવણી, આરોગ્ય વિગેરે સમાજોપયોગી સેવામાં

# પજુષણ પર્વના વ્યાખ્યાનો.

બહાર પડી ચુકયાં છે

## 'પજુષણ વ્યાખ્યાનમાળા.'

પજુષણ પર્વ જેવા ધાર્મિક પ્રસંગે ગતવર્ષે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી વિદ્વાનો અને તત્વજ્ઞોના વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં, આ વ્યાખ્યાનો ધર્મ અને આજની સમાજ રચના ઉપર ક્રાંતીક રોશની ફેંકતા પુરવાર થયાં છે. સંગીન દલીલો, ગંભીર વિચારો અને સચોટ ભાષાશૈલી તમને રસિક વિચારણીય વાંચન પુરૂં પાડશે.

| વિષય. | વ્યાખ્યાનકાર. |
|---|---|
| આજના સાધુઓ નવીન માનસને દોરી શકે ? | —પં. સુખલાલજી |
| ક્રાન્તિકાર ભગવાન મહાવીર | —પરમાનંદ કાપડીયા, |
| ધર્મની અને તેના ધ્યેયની પરીક્ષા | —પં. સુખલાલજી |
| દેવદ્રવ્ય | —પં. દરબારીલાલજી |
| સમાજવાદ અને જૈન ધર્મ | —ચીમનલાલ ચકુભાઇ |
| શ્રી મહાવીર અને ઉપસર્ગો | —શ્રી મોતીચંદ કાપડીઆ |
| સ્વામી શ્રી વિવેકાનંદના પ્રેરણા પ્રદ વિચારો | —શ્રી મોહનલાલ દેશાઇ |
| જૈનધર્મ અને નિવૃતિ માર્ગ | —પં. દરબારીલાલજી |
| સુધારક ધર્મમાં સુધારા | —કાકા કાલેલકર |
| જૈનધર્મમાં વિશ્વધર્મ બને એવાં તત્વો છે ખરાં ? | —શ્રી દલસુખભાઇ ડાહ્યાભાઇ |
| પ્રેમ અને ધર્મ | —શ્રી નાથુરામ પ્રેમી |
| મહાત્મા ગાંધીજી—કેટલાક ધાર્મિક વિચારો | —શ્રી મોહનલાલ દલીચંદ |

પૃષ્ટ સંખ્યા ૧૯૦. ઉંચા બત્રીસ રતલી કાગળ. સુંદર મુદ્રણ.

કીંમત ફક્ત. ૦—૮—૦.

પેસ્ટથી મંગાવનારાઓએ ૦—૧૦—૦ ટીકીટો બીડવી.

મળવાનું ઠેઃ—મુંબઇ જૈન યુવક સંઘ ૨૫—૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.


મુકાવે તો સમાજ ને દેશની ઘણી સેવા કરી શકે.

એક સાધુ માનવ સેવા કરવાનો નિશ્ચય કરી તે તરફ કામે લાગી જાય છે. ત્યારે તેનું કેટલું સુંદર પરિણામ આવે છે તે નીચેના દ્રષ્ટાન્ત ઉપરથી સમજી શકાય છે.

"થોડા વર્ષ ઉપર એક ધર્મગુરૂને માનવસેવા કરવાની તમન્ના જાગી તેમણે આમાપાસે દયાળબાગ નામની સંસ્થા સ્થાપી ઇ. સ. ૧૯૧૫ સુધીતો તે સંસ્થાપાસે ચાર એકર જમીન ને હાથ ભાકતે આપેલ પાંચ હજાર રુપીઆજ હતા પણ તે ધર્મગુરૂની મહેનતના પરિણામે એ દયાળબાગની સંસ્થા ખૂબ ફાલીફુલી છે. આજે તે સંસ્થાપાસે ત્રણ હજાર એકર જમીન છે, લાખોના ખર્ચે એક ઉદ્યોગ મંદિર ખડું કર્યું છે. જે ઉદ્યોગ મંદિરમાં ૮૦૦ વિદ્યાર્થીઓ તાલીમ લે છે, તેમ તે ઉદ્યોગ મંદિરમાં વિજળીનો સામાન ઝવેરાતના દાગીના વૈજ્ઞાનિક ઓજારો, રમકડાં ને ઘડીયાળો બને છે. ૨૦૦ દુધાળાં ઢોરની ડેરી ચાલે છે. સાડા ચારસો એકર જમીન ખેડાય છે. ને ત્રણ હજાર માનવી વસે છે.

માનવસેવાના પંથે કુચ કરનાર એક ધર્મગુરૂ કેવી સેવા કરી શકે છે તે આ દયાળબાગના આદ્યસ્થાપક સાહેબજી મહારાજ આનંદ સ્વરૂપજી જેઓ થોડાજ દિવસો પહેલાં પરલોક સિધાવ્યા છે તેની જહેમતના લીધે ઉભી થયેલ દયાળબાગ સંસ્થા ખાસ પુરાવો છે. જેઓ બેઠા ખાઉ બની ધર્મનાનામે અનેક ચોકા જમાવી સમા જને છીન્નભીન્ન કરવામાં મહત્તા સમજે છે તેવાઓ જેમબને તેમ વેળાસર સાહેબજી મહારાજની માફક માનવ સેવા અપનાવે તેમાં તેમનું ને દેશનું હિત છે.

# સમાચાર

**આબરૂનો દાવો**

થોડા માસ પહેલાં ગંડીસરના છોટાલાલ સોમાણીને ૬૦ વર્ષની ઉંમરે પરણવાના કોડ જાગ્યા, ને એક પંદર વર્ષની બાળા સાથે સાટું પણ થયું. વાત વાયરે લઇ ગયો ને સગપણ જાહેર થતાં પાલણપુર નિવાસી મણીલાલ ખુશાલચંદ પારીખે સગીર બાળાને બચાવવા પાલણપુર કોર્ટમાં ફરિયાદ કરી, કોર્ટે કેસ કહાડી નાખ્યો, અપીલમાં દીલ થતાં, સોમાણીએ લગ્ન કરી નાખ્યાં, એટલે ફરિ-યાદીએ અપીલમાં જવું માંડી વાળ્યું. આખરે પાંચ છ માસ પછી ભાઇ સોમાણીએ ભાઇ મણીલાલ ખુસાલચંદ પરી ઉપર દશ હજાર નો સર ન્યાયાધીશની કોર્ટમાં આબરૂનો દાવો માંડ્યો છે.

**સંસારી બન્યા**

ખાટકોટના જેઠાલાલ સાધુપણું છોડી સંસારી બની બ્રાહ્મણ વિધવા સાથે લગ્નગ્રંથીથી જોડાઇ સંસારમાં ઝુકાવ્યુ છે;

ભદ્રસુરીજીના સમુદાયના મુનિ ચરણવિજયજીના શિષ્ય ભુષણ વિજયજી સાધુવેશની કાંચળી ઉતારી સંસારી બન્યા છે.

અમદાવાદના રહીશ સારાભાઇ મંગળદાસ પટવાએ રામવિજયના શિષ્ય તરીકે દશવર્ષ ઉપર ખંભાતમાં દીક્ષા લીધેલી તેઓ એકાદ વર્ષ ઉપર દીક્ષા છોડી સંસારી બનેલા પરંતુ માબાપના સખ્ત વિરોધ છતાં નેમીસૂરિએ ફેર દીક્ષા આપેલી તે પાછા થોડાજ દિવસ પર સંસારી બની પોતાની દુકાને કામે લાગેલા. પરંતુ પાછા નીતિસૂરીએ મુંડી શિષ્ય બનાવ્યા છે, જાણે આજના સાધુઓ સાધુ વેશને હોડમાં મુકી રહ્યા છે.

**દેરાસરમાં ચોરી.**

આણંદ તાલુકાના કરમસદ ગામમાં જૈન દહેરાસરમાંથી તા. ૯ ની રાત્રે હરામખોરો દહેરાસરના બારણાં તોડી દાખલ થઇ બે મૂર્તિઓ સાથે રૂ. ૪૦૦નો માલ ઉપાડી ગયા છે.

ખેડાથી બે માઇલ દુર માતર ગામમાં બાવન જીનાલયના ભવ્ય દહેરાસરમાંથી ગયા રવીવારની રાત્રે કેટલાક હરામખોરો દહેરાસરમાં પેસી ભગવાનના મુગટ, હાર, ઘરેણાં વિ. કમાડ ત્રીજોરી તોડીને રૂ. ૫૦૫૯નો માલ લઇ ગયા છે. આ દહેરાસરમાં આ ત્રીજી વારની ચોરી છે.

પ્રભુને માલમીલકતવાળા રાખવામાં સિધ્ધાન્તતુયે ખૂન થાય છે ને જોખમ પણ વધ્યું છે. છતાં જૈન સમાજ ક્યારે ચક્ષુઓ ઉઘાડશે ?

**ઉત્તીર્ણ થયા.**

રીઝર્વ બેંકનાં ડેપ્યુટી ગવર્નર શ્રી મણીલાલ બાલાભાઇ નાણાવટીના જમાઇ મી. બી. કે. શાહ. જેમણે લંડનની ઇન્સ્ટીટ્યુટ ઑફ એક્ચ્યુઅરીની ફેલોશીપની પરીક્ષા પસાર કીધી છે. આ અઘરી ગણાતી પરીક્ષા પસાર કરનાર મી. શાહ ત્રીજા હીંદી જૈન છે.

**કન્યા કેળવણી.**

આમાના શેઠી નિહાલ કરણજી જૈનની ચારે પુત્રીઓમાં સુભદ્રા બ્હેન ડોકટર એમ. બી. બી. એસ, કમળાબ્હેન, બી. એ. વિમળા બ્હેન ઇન્ટર બીએસસી, વિશાલાબ્હેન મેટ્રીક પાસ થયાં, કન્યા કેળવણીના આ પ્રેમીપીતાને ધન્યવાદ ઘટે છે.

# પાટણનાં પટોળાં.

તેરમી સદીમાં ગુજરાતના પાટનગર પાટણની ગાદીએ સોલંકી વંશના કુમારપાળ રાજાના વખતમાં ગુજરાતને પટોળા જેવો ઉત્તમ કારીગરીનો અજોડ વણાટ સાંપડયો. કુમારપાળ પ્રબંધ એમ કહે છે કુમારપાળ રાજા જૈનધર્મ પાળતા એટલે દેવપૂજામાં રેશમી વસ્ત્રો માટે પંજાબથી સાતસો સાલો સાથે સાળવી કુટુંબોને પાટણમાં વસાવ્યાં, અને તેઓને દરેક સગવડો કરી આપી ને તેઓ રેશમી વસ્ત્રો વણતા.

આ સાળવી કુટુંબોનો મોટો ભાગ જૈન ધર્મ પાળતો અને વણાટનું કળામય કામ કરતો, તેમાંયે પટોળાના વણાટમાં અનેક પ્રકારના બેનમુન સુધારા વધારા કરી તે કળામય ઉદ્યોગને ખુબ ખીલવ્યો. બીજી બાજુ રાજ્ય ને સમાજે ખુબ ટેકો આપ્યો, દાખલા તરીકે લગ્ન જેવા માંગલીક પ્રસંગે નવ વધુને એ વસ્ત્રથી (પટોળા) વિભૂસીત બનાવી લગ્ન કરવામાં આવતું અત્યારે પણ કેટલીક જ્ઞાતિઓમાં આ રીવાજ કાયમ છે.

પાટણમાં તૈયાર થતાં પટોળાં ઘણાજ ઉત્તમ પ્રકારનાં જુદી જુદી ભાતનાં બનતાં હોવાથી લોકોમાં કહેવત ચાલી કે "પટોળાં તો પાટણનાંજ" પાટણનાં પટોળા સ્ત્રીઓના વસ્ત્રાભૂષણમાં ઉત્તમમાં ઉત્તમ ગણાતાં, તેમ એ ઉત્તમ કારીગરીનાં વસ્ત્રોનો મહિમા ગુજરાતના સીમાડામાંજ હતો તેમ નહિ. પણ ભારતમાં, ને તેની બહાર ખ્યાતી મેળવી જગપ્રસિધ્ધ બન્યો હતો, એટલેજ કવિઓએ કાવ્યોમાં તેની ખુબ પ્રશંસા કરી છે.

પટોળાની રેશમી સાડી, તાકા ને રેસમ કસોથ બારીક વણાટમાં જ અનેક પ્રકારની ભાતોથી તૈયાર થાય છે, તેમાં 'નારી કુંજર' ભાતનું પટોળુ સર્વ ભાતોમાં ઉત્તમ કારીગરીવાળુ ગણાય છે. તેમાં સરખા ભાગે પાડેલી ચોકડીઓમાં એક ચોકડીમાં પૂતળી (સ્ત્રી) એકમાં હાથી (કુંજર) બે બાજુની ચોકડીયોમાં ફુલઝાડ આ પ્રમાણે વણાટમાંજ ભાત ઉઠાવેલી હોવાથી તેને 'નારી કુંજર' કહે છે. આ સિવાય 'રતનચોક' 'વાઘ હાથી ભાત' 'ઓખર ભાત,' 'પાન ભાત' ચોકડી ભાત, લહેરીયા ભાત, ઝાબડી ભાત, વિગેરે જુદી જુદી ભાતનાં પટોળાં તૈયાર કરવામાં આવતા, તેમ કીનારોમાં સાદા પટ્ટા, કોઇમાં નકસી, પાલવમાં એક બાજુ કસબ અને નકસી કરી સુશોભીત કરવામાં આવતા. એની ઉપરના ચેની ભાત તપાસશો તો એક સરખી એટલે બંને બાજુ એકજ રંગ જણાશે, જ્યારે બીજા વણાટોનું ભાતીગલકપડાના નીચે ઉપર જુદા રંગ દેખાશે. પટોળાનો એક પટો વણાટ, એની બે બાજુ સરખા રંગ ને કારીગરી એજ એની વિશેષતા છે.

આવી રીતે જુદી જુદી જાતની ભાતો ઉઠાવવામાં તેમાંયે 'નારી કુંજર'ની ભાત ઉઠાવવામાં તેના શોધકે બુધ્ધિ વાપરવામાં હદ વાળી છે. એમ કહેવું પડશે, પટોળાં તૈયાર કરવામાં કોઇ જાતના યંત્રનો ઉપયોગ કર્યા સીવાય તમામ ક્રિયા હાથથીજ થાય છે, પટોળા ઉપર ભાત પાડવામાં બીબાની છાપનો ઉપયોગ થતો નથી પણ જે ભાત ઉઠાવવી હોય તેના વાણા તાણા ઉપર રંગ ચડાવી બાંધણી બાંધી જોઇતા રંગો ચડાવવામાં આવે એટલે પટોળામાં જે ભાત પાડવી હોય તે વણાટમાંજ પડે. એથી એની નક્કરતા અંગે કહેવાય છે કે;

"પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહિ"

કોઇ સ્થળે જોવા મળે તો 'નારી કુંજર' ના પટોળા તરફ નજર કરશો તો જણાશે કે નારીનો અંબોડો, તેના ઉપર સફેદ ફુલોની વેણી, આંખોની કાળી કીકીઓ, તેના ઉપરની પાંપણ, હાથી ઉપરનો શણગાર, વિગેરે તમામ બારીક નકસી વણાટમાંજ ગોઠવવામાં આવે છે. આ કળા ને કારીગરી જેમ જેમ જોશો તેમ તેમ વધારે મુગ્ધ બનતા જશો અને આખરે આફ્રિન શબ્દ નીકળી પડશે. આ બેનમુન ને અજોડ કારીગરીની દેશ ને પરદેશ નકલ કરનારાઓએ ઘણી મહેનત કરી પણ ફતેહમંદ નજ થયા.

પટોળાંની કીંમત એકવારે પાંચ રૂપીયાથી વીસ રૂપીયા સુધી લાગે છે. આથી કોઇ એમ ન સમજે કે તેના વણનારા સાળવીઓ ન્યાલ થઇ જતા હશે ! એક પટોળુ વણતાં લગભગ વીસથી પચ્ચીસ દિવસ લાગે છે. અને ઘરના ચારપાંચ માણસને એ કારીગરીમાં હાથ મજુરી કરવી પડે છે, આથી રોટલા પુરતોજ નફો રહે છે. છતાં ગણ્યાં ગાંઠયા સાળવી કારીગરો એ બેનમુન કળાને ટકાવી રહ્યા હતા. પણ જ્યારથી યુરોપ, અમેરીકા, બગદાદ, બસરા, મીસર ને અરેબીઆની માંગ ઘટી, વતનમાં ઘણા ઘરોની અંદર પરદેશી વસ્ત્રે પગપેસારો કર્યો, ત્યારથી આ કળાને ઉત્તેજન આપવું વિસારે પડયું. એટલે અનેક સાળવી, કુટુંબો એ ધંધાને છોડી દઇ બીજે ધંધે વળગવા દેશાવર ઉપડયા, કોઇ નોકરીયે ચડયા, કોઇ દેશમાંજ બીજે ધંધે લઇ બેસી ગયા ને ઉત્તમ કારીગરીવાળો ઉદ્યોગ તુટવા માંડયો. છતાં બે ચાર કારીગર બિરાદરોએ એ કળાને જીવંત રાખવા–પાટણની કીર્તિને મેળવવા તનતોડ મહેનત કરી રહ્યા હતા. તેમાંના શ્રી સ્વરૂપચંદ સવાઇચંદ ત્રણેક વર્ષ પર અવસાન પામ્યા. છેવટે ભાઇ જેસંગલાલ મોહનલાલ જેઓ 'નારીકુંજર' તૈયાર કરવામાં એકજ હતા તેઓ પણ ગત જેઠ સુદ ૮ ના રોજ પાટણમાં અવસાન પામતાં પટોળાનો અજોડ ઉદ્યોગ છેલ્લો અવશેષ સમ બન્યો છે.

આ પુરાતન બેનમુન વણાટને–કળાને, હુન્નર ઉદ્યોગના હિત ચિંતકો, ધનિકો ને કળારસિકો તરફથી જોઇએ તેવું ઉત્તેજન નહિ મળવાથી એના સેંકડો કારીગરો એ ધંધો છોડી બીજા ધંધે વળગ્યા, જે એ કળાને ટકાવવા ઝુઝયા તે તેની પાછળ શહીદ થયા. આખરે એ કળામય ઉદ્યોગ ભૂસાઇ જવાની અણી ઉપર આવીને ઉભો રહયો. પણ એને જીવંત રાખવાનું કોઇને ન સુઝયું એ ઓછી શરમની વાત છે ?

## સંવત્સરી પર્વ અંગે

# શ્રીયુત પરમાણંદ કુંવરજી કાપડીયાનું નિવેદન.

આજકાલ આગામી સંવત્સરી ક્યારે કરવી તે સંબંધમાં આગેવાન જૈનાચાર્યો સાધુઓ અને શ્રાવકો વચ્ચે જે શબ્દ પ્રહારોની સાઠમારી ચાલી રહી છે એ ભારે ગ્લાનીજનક અને શરમાવનારી છે. આ ચાલી રહેલ ચર્ચાથી હું બને ત્યાં સુધી દૂર રહેવા ઇચ્છતો હતો પણ જ્યારે મને માલમ પડે છે. કે આ ચર્ચામાં આપણી યુવક પ્રવૃત્તિના કાઇ કોઇ આગેવાનો તેમજ કોઈ કોઇ યુવક સંઘો એક યા બીજી રીતે સામેલ થઇ રહ્યા છે. ત્યારે અત્યારની પરિસ્થિતિ સબંધે મારે એક નિવેદન બહાર પાડવું જોઇએ. એમ આવશ્યક લાગવાથી મારા મૌનનો ભંગ કરવાની મને ફરજ પડી છે.

**સંવત્સરી પર્વ એટલે શું ?**

જૈન સમાજમાં સંવત્સરી એટલે આખા વર્ષમાં નક્કી થએલો એક એવો દિવસ, કે જ્યારે દરેક જૈન ચાલુ વર્ષ દરમિયાન થએલી પ્રવૃત્તિઓનું આરંભ–સમારંભનું બારીક નિરીક્ષણ કરે, જૈન ધર્મની દૃષ્ટિએ અયોગ્ય ગણાતા માનસિક, વાચિક, કે કાયિક કૃત્યો વિષે પશ્ચાતાપ ચિંતવે, મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. એમ શુદ્ધ અંતઃકરણથી ભાવના ભાવે અને પ્રશસ્ત પ્રવૃત્તિ પ્રત્યે ચિત્તને સવિશેષ ઉત્તેજીત કરે. આવી ક્રિયા દરેક જૈન પોતાને અનુકુળ જણાય એવા કોઈ પણ દિવસે કરી શકે છે. પણ સામુદાયિક સરળતા અને સમૂહગત આન્દોલન કેળવાય એ આશયથી ભાદરવા સુદ ૪ ને સંવત્સરીના દિવસ તરીકે પાળવાની પ્રથા જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક વિભાગમાં કેટલાક વર્ષથી ચાલતી આવી છે.

**વિરોધ ક્યાંથી જન્મ્યો ?**

આ વર્ષનું પંચાંગ વિચારતાં ભાદરવા સુદ ૪ ને સંવત્સરી તરીકે પાળવામાં કશો વાંધો વિરોધ કે મતભેદ ઉભો થવા સંભવ ન હોતો, કારણકે તિથિની કોઇપણ વધઘટ પર્યુષણ દરમિઆન આવતી નથી. પણ ક્રમ નશીબે ભાદરવા સુદ ૫ બે છે અને પાંચમને પર્વ તિથિ ગણવામાં આવે છે. અને પર્વ તિથિમાં વધઘટ હોય ત્યારે વધારો હોય તો આગળની તિથિને બેવડી કરવી અને પર્વ તિથિને એક રાખવી હોય તો પાછળની તિથિનો લુપ કરી ને પર્વ તિથિને કાયમ રાખવી એવી જૈન પરંપરા છે. આ રીતે ગણતાં આગળની ચોથ બે કરવી પડે પણ ભાદરવા મહિનાની ચોથ પણ પર્વ તિથિ છે, તેથી તે બેવડી થઇ શકે નહિ. આ ઘુંચમાંથી આ બધો મતભેદ ઉભો થયો છે. અને આ ઘુંચનો ઉકેલ સુચવવા ભિન્ન ભિન્ન વિકલ્પો ઉભા થયા છે. કોઇ કહે છે કે બે પાંચમ કાયમ રાખવી, કોઇ બે ચોથ કરવાનું કહે છે. કોઈ બે ત્રીજ બનાવવાનુ સુચવે છે. ચોથ બે થાય તો પણ પાછી એમ ઘુંચ ઉભી થાય છે કે સંવત્સરિ પહેલી ચોથને ગણવી કે બીજી ચોથને ? આમ ભિન્ન ભિન્ન આચાર્યોના જુદા જુદા અભિપ્રાય અનુસાર સંવત્સરિ બુધવાર અથવા ગુરૂવાર ઉપર ગોઠવાય છે.

**મતભેદ પંચાંગ અંગેનો નથી.**

આ બાબત ઉપર જરા ઉંડાણથી વિચાર કરવામાં આવશે તો જણાશે કે આ મતભેદ પંચાંગને લગતો નથી પણ પંચાગ ઉપર આક્રમણ કરતી જૈન પ્રથાનો છે. શુદ્ધ ચોથ કઇ તે વિષે પણ મતભેદ નથી પણ જૈન પ્રથા મુજબ કયા દિવસને સંવત્સરિના દિવસ તરીકે પાળવો તેના સંબંધમાં આ આખો વિવાદ ઉભો થયો છે. જે સમાજમાં અનેક પંડિતો હોય વસ્તુને બારીકાઇથી નિહાળવાની ટેવ હોય, પ્રથા ઉપર બહુજ ભાર આપવામાં આવતો હોય ત્યાં આટલી બાબત ઉપર મતભેદ પડે એ સ્વાભાવિક છે, પણ આ મતભેદ પ્રમાણ મર્યાદાની બહાર જાય અને કદાગ્રહનું સ્વરૂપ પકડે આવી ઝીણી બાબત ઉપર પોતાના અભિપ્રાયને વળગી રહેતાં અને તે મુજબજ સમાજને અનુસરવાનું કહેતાં તેનાં કેવા પરિણામો આવે તેને લગતો વિવેક ભુલી જવામાં આવે ત્યારે તેમાંથી અનર્થ પરંપરા જન્મે છે.

**ખોટી ભ્રમણાઓ**

પ્રથમ તો એજ ખોટી ભ્રમણા કેળવવામાં આવી છે કે સાંવત્સરિક પ્રતિક્રમણને અમુક દિવસ સાથેજ ગાઢ સંબંધ છે. તે એટલે સુધી કે તે પોતે માનેલા અમુક દિવસથી એક દિવસ આગળ કે પાછળ એ ક્રિયા કરવામાં આવે તો આખી ક્રિયા વ્યર્થ જાય અને વર્ષ દરમ્યાન કરેલાં પાપો વજ્રલેપ થઇ જાય ! જો સાંવત્સરિક પ્રતિક્રમણની ભાવના વિચારવામાં આવે તો તેમાં એક દિવસના આમ કે તેમ ફેરફારથી શું મહત્વનો તફાવત પડતો હશે તે સમજીજ શકાતુ નથી. આમ પણ ૩૬૦ રાત્રી દિવસનું કહેવાતું સાંવત્સરિક પ્રતિક્રમણ ખરી રીતે એટલા દિવસનું હોતું નથી, કારણકે અધિક માસવાળું વર્ષ બાદ કરીએ તો એક સંવત્સરિ અને બીજી સંવત્સરિ વચ્ચે ખરી રીતે ૩૫૪ લગભગ દિવસનો ગાળો હોય છે. એટલે પાપ આલોચના માટે સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૭ દિવસ સુધીની કાળ મર્યાદા વધારે સમાવી શકાય તેમ છે.

**શું મતભેદોનો તોડ કે નિકાલ નથી ?**

બીજું આવા મતભેદો કદાપિ આગ્રહનું સ્વરૂપ પકડે તો પણ શું તેનો કાંઇ તોડ કે નિકાલ આવી શકેજ નહિ. બે આચાર્યો વચ્ચે મતભેદ પડ્યો હોય તો એવા કોઇ ત્રીજા મધ્યસ્થ આચાર્ય મળી શકેજ નહિ કે જેની પાસે બન્ને પક્ષની દલીલો રજુ કરવામાં આવે અને જેનો નિર્ણય ઉભય પક્ષને માન્ય થઇ શકે ? દુનિયાના અનેક ગંભીર પ્રશ્નો સંસારની અનેક મુંઝવતી ઘુંચોનો નિકાલ લવાદીથી આવી શકે છે. પણ જેણે સંસાર છોડયો છે અને રાગદ્વેષ ત્યાગ્યા છે. એવા નિર્ગ્રંથ જૈન સાધુની ગાંઠ કોઇ છોડાવી શકતું નથી. એ વર્તમાન કાળનું પરમ આશ્ચર્ય છે.

(૪)



**ગયા વર્ષના બનાવની યાદી.**

ત્રીજુ હજુ ગયાજ વર્ષે પાયધૂની ઉપરના ગોડીજીના મંદિરમાં આ બાબતના મતભેદ ઉપર કેવી મારામારી થઇ હતી. કેટલા લોકોના માથાં ભાગ્યાં હતાં અને જૈન સમાજ અન્ય વર્ગોમાં કેટલો હાંસી પાત્ર બન્યો હતો તે બધું શું પોતાનાજ અભિપ્રાયનું ઘમંડ ધરાવતા આચાર્યો આજે ભુલી ગયા છે કે જેથી સંવત્સરિ બુધવારે કરવી કે ગુરૂવારે કરવી તેવી સાદી અને સહેલાઇથી અંદર અંદર સમજીને નિકાલ લાવી શકાય તેવી બાબત ઉપર આખી સમાજને કુસંપની હોળીમાં તેઓ હોમી રહ્યા છે ?

**સત્તાધારી સાધુઓની વર્તમાન દશા**

આખી પરિસ્થિતિનો જેમ જેમ વધારે વિચાર કરવામાં આવે છે તેમ તેમ આખી સમાજ અને ખાસ કરીને સત્તાધારી સાધુઓની વર્તમાન દશા વિષે કેવળ શરમ અને ગ્લાનિની લાગણીઓ હૃદયમાં ઉભરાયા વગર રહેતી નથી આચાર્યોને કશી દેશની પડી નથી, નથી સમાજની પડી. જૈન સમાજ ઘસાતો જાય છે. દુર્દશામાં ડુબતો જાય છે. તેનું તેમને નથી ભાન કે નથી ચિંતા. આજે દુનિયાના દુઃખ દારિદ્રય કે અજ્ઞાનના કોઇ પ્રશ્નો તેમને પીડતા નથી. તેમને રસ છે. ચોથ અને પાંચમમાં ઉજમણા અને અઠ્ઠાઇ મહોત્સવમાં સંઘ અને નોકારશીમાં વાસ્તવિક દુનિયાથી તેઓ ખરેખર કેટલા દૂર વસે છે ?

**દુખ અને શરમની કથા.**

આજ પ્રશ્ન ઉપર આજે છાપામાં સંખ્યા બંધ ચર્ચાપત્રો ઉભરાય છે. તેમાંથી બીજી બાબતો તો બાજુએ મૂકીએ પણ જે હલકા પ્રકારની ગલીચ ભાષા વપરાય છે—અને આવાં કેટલાંક ચર્ચાપત્રો પાછળ તો જૈન સાધુઓની સહી હોય છે—તે આપણી વિકૃત મનોદશા સૂચવવા માટે પૂરતું છે. વ્રતધારીઓ ભાષા સમિતિ બાજુએ મૂકીનેજ આજે ચાલી રહ્યા છે. આ સર્વ કેવળ દુઃખ અને શરમની કથા છે આ પ્રશ્નના બહાને અંદર ધુંધવાતો મત્સર ચોતરફ પ્રગટ થઇ રહ્યો છે.

**વિવેકશૂન્ય અભિનિવેશ.**

જ્યાં સુધી કદાગ્રહી અને મત્સર પ્રેરિત સાધુઓની સત્તા સમાજ ઉપર ચાલ્યા કરશે, ત્યાં સુધી આવા બનાવોનો અંત કદિ આવશેજ નહિ. અને તેઓના વિવેક શૂન્ય અભિનિવેશની એરણ ઉપર પછાડાઇ પટકાઇને આખો સમાજ છિન્ન ભિન્ન થતોજ રહેશે જે. સંઘમાં આવા મનસ્વી સાધુઓના ફતવાઓથી નિરપેક્ષ રીતે અંદરનું ઐક્ય જાળવીને કાર્ય કરવાની અને બહુમતિથી પ્રાપ્ત થતા નિર્ણયને વળગીને ચાલવાની તાકાત હશે, તેઓ આ જગાવેલી હોળીમાંથી બચશે, બાકી જે સંઘોમાં વર્તમાન આચાર્યોના પરસ્પર વિરોધી આદેશોના કારણે તીવ્ર પક્ષો ઉભા થઇ ગયા હશે તેઓ આ વિનાશ સૂચક વમળમાંથી ઉગરે એવો સંભવ છેજ નહી સર્વંત્સરી પાપ વિમોચની સંવત્સરિ વર્ષ ભરના દુષ્કૃત્યોને મિથ્યા કરનારી સંવત્સરી આજે તારા નામે પાપના બંધ બંધાય છે રાગદ્વેષના પુંજ ખડકાય છે. સાધુ કુસાધુ બને છે. ક્રોધ મત્સરના બીજ વવાય છે સુતેલા વૈર જાગે છે અને જૈનો અજૈનો બને છે. કાળનો મહિમા ખરેખર અજબ છે.

**યુવકોને**

આ લેખનું ખાસ પ્રયોજન તો આ વિવાદ વિગ્રહ પરત્વે યુવકોએ અને યુવક સંઘોએ કેવું વલણ દાખવવું અને કેમ વર્તવું એ માટે દિશાસૂચક કાંઇક જણાવવું એ છે. પહેલાં તો યુવકોએ સમજી લેવું, કે આ લડત જૂના અને નવા વિચારની અથડામણને લગતી નથી. આ તો સ્થિતિ ચુસ્ત વર્ગ અને તેમના અગ્રણી આચાર્યો કે જેમને ચાલુ લડવાની ટેવજ પડેલી છે તેઓની અંદર અંદરની છે. આજે તેમને બહારથી કોઇ લડવા કારણ આવતું નથી. તેઓ અંદર અંદર લડી રહ્યા છે. આજના સાધુઓમાંથી કોઇ કોઇ વિરલ અપવાદો બાદ કરીએ તો સામાન્યતઃ તેઓ કેટલી સાંકડી મનોદશાવાળા દુરંદેશી વિહોણા અને સમાજને પ્રગતિ માર્ગે દોરવાને કેટલા નાલાયક બની ગયા છે; તે તેમના વર્તમાન વિતંડાવાદ દ્વારા એટલું સ્પષ્ટપણે પ્રગટ થઈ રહ્યું છે કે આંધળો પણ તે દેખી શકે તેમ છે. અને બહેરો પણ તે સાંભળી શકે તેમ છે. આખા ખેદજનક પ્રકરણમાંથી આટલો એક ઉપયોગી બોધપાઠ તરી આવે છે. વસ્તુ સ્થિતિ આ પ્રકારની હોવાથી યુવકોએ કે યુવક સંઘોએ આ ચર્ચાના ચકડોળમાં એક અથવા તો બીજા દિવસના પક્ષકાર બનીને પ્રગતિ વિઘાતક વર્ગના આન્તર વિગ્રહમાં જરાપણ સામેલ થવાની જરૂર નથી.

તેઓએ બુધ્ધિથી ચોક્કસપણે સમજી લેવું જોઇએ કે આ સંવત્સરિ બાબતમાં અમુક દિવસને અમુક રીતે અપાતું મહત્વ અર્થ વિનાનું છે. સંવત્સરિક તપ કે પતિક્રમણમાં જે કંઇ લાભ સમાયેલો હશે તે એક યા બીજે દિવસે કરવાથી અંશ માત્ર ઓછો કે વધતો મળવાનો નથી.

**એ ફેરફારથી પ્રલય નહિ આવે.**

યુવક આવી નજીવી બાબત ઉપર કદિ લડતો નથી યુવકોની લડત સિદ્ધાંતો ઉપર અને સામાજીક રચનામાં કરવા જોઇતા ચોક્કસ સુધારાઓ પરત્વે હોય છે. ત્રીજ, ચોથ, પાંચમ કે બુધ ગુરૂના ફેરફારથી વિશ્વમાં કાંઇ મોટો પ્રલય થઇ જવાનો નથી કે ઉપરથી આકૃતનો વરસાદ વરસવાનો નથી. આવી સમજણ ચોતરફ ફેલાવવી અને લોકોને ખોટા વહેમોથી મુક્ત કરવા એ દરેક યુવકની ખાસ ફરજ છે.

કોઇ એવી પણ ભ્રમણા ન સેવે કે ગુરૂવાર પક્ષી આચાર્યો પ્રગતિ પરાયણ છે અને બુધવાર પક્ષી આચાર્યો પ્રગતિ વિરોધક છે. સામાજીક સુધારણા અને આચાર્યોની મનોદશા વચ્ચે બાર ગાઉનું અંતર છે. તેમાં એકની અપેક્ષાએ અન્યને વિચાર સહમતી આપવાનો કશો અર્થ નથી.

આ સર્વ બાબતો ધ્યાનમાં લેઇને કોઇપણ યુવક સંઘ એક યા અન્ય દિવસને ટેકો આપીને આ નિર્માલ્ય અને શરમજનક કલહના ભાગીદાર ન બને અને જે કોઇ યુવક સંઘે આવો ઠરાવ કર્યો હોય તો તેનો અમલ કરવા તેઓ કશી પ્રવૃત્તિ ન કરે.

**સારાંશ**

યુવકો અને યુવક સંઘો આ પ્રશ્ન સંબંધે જૈન સંઘમાં ફાટફુટ ન પડે તે બાજુએ પોતાના બળ અને લાગવગનો ઉપયોગ કરે.

જે સંઘમાં મતભેદ અને બે પક્ષ હોય તેને સાંધવામાં અને સર્વાનુમતિએ એક સંવત્સરિ પળાવવામાં પોતાની શક્તિ ખરચે.

જ્યાં તીવ્ર પક્ષાપક્ષી અને મારામારી હોય ત્યાં તટસ્થ રહે અને બોલીને પોતાથી થાય તેટલી ધર્મ કરણી કરે. પણ યુવક આગામી સંવત્સરિને માનસિક, વાચિક કે કાયિક હિંસાથી દુષીત ન કરે. જે જૈન બંધુઓ અને બ્હેનો મારી ઉપર જણાવેલી વિચાર શ્રેણિ સાથે સંમત થતા હોય તેમને પણ મારી આવીજ નમ્ર અભ્યર્થના છે.

# યુવકોની ફરજ

લેખક : શ્રીયુત મણિલાલ મોહોકમચંદ શાહ.

જૈન સમાજ ઉપર તેના ધર્માચાર્યોના હાથે નાશની નોબતો ગગડી રહી છે. છેલ્લાં વીસ વર્ષથી તો એ એવા ભડાકામાં સપડાયો છે કે કોઈપણ રીતે તેને ત્યાં શાંતિને સ્થાનજ નથી. કહેવાતા ધર્માચાર્યો અને તેમના શાગ્રીત શ્રીમંતો નવા નવા પ્રશ્નો ઉપસ્થિત કરી સમાજમાં કલહની હોળી સળગાવી રહ્યા છે. છેલ્લા દોઢ માસથી સંવત્સરીના નામે તેના આચાર્યો તરફથી તેમના શ્રીમંત ભક્તો દ્વારા કલેશના મંડાણ શરૂ થઈ ગયા છે. સામસામા આક્ષેપોથી ભરપૂર નિવેદનો લખાય છે અને એક બીજાને જુઠા ઠરાવવાના પ્રપંચો રચાય છે. છાપામાં કોલમોના કોલમો ભરીને એ જાતનું વિતંડાવાદી, અર્ધસત્ય, અસત્ય, અને મલીન માનસવાળું સાહિત્ય પીરસાય છે. આ જાતના આંતરિક કલહથી સમાજનો સમજુ વર્ગ તથા યુવકવર્ગ ત્રાસી ઉઠ્યો છે.

જે સમાજનું સર્વસ્વ હરાઈ ગયું છે, જે સમાજના સ્ત્રી પુરૂષો બેકારીના દારૂણ દુખમાં સળગી રહ્યાં છે, જેના બાળકોને સાત્વિક ખોરાક, પૂરતું દુધ, સ્વચ્છ હવા મળવાં દુર્લભ છે, કેળવણી માટે આંહી તહીં આથડવું પડે છે; એવા નિસ્તેજ થયેલા સમાજના મહાન આચાર્યો હોવાનો દાવો કરનારા, શ્રીમંત ભક્તો દ્વારા સમાજને વધુ નિર્માલ્ય દશામાં ધકેલી રહ્યા છે, એ હવે સમાજે જાણવું જરૂરી છે. એમનો અને એમના શ્રીમંત ભક્તોનો આવો જુલમ અસહ્ય બને છે.

જૈન ધર્મના રહસ્ય માટે જો આ જાતનો પ્રયત્ન થતો હોય તો તે ક્ષંતવ્ય છે. પણ આતો બધું કેવળ વ્યક્તિગત મહત્વાકાંક્ષા પોષવા માટેજ થાય છે. તેમાં ભાગ્યેજ કોઈને શક હોય શકે ! સેંકડો શબ્દોના તારો, તેના તેટલાજ શબ્દથી અપાતા જવાબો, તેમાં વપરાતી ભાષા, એક બીજા પ્રત્યે વપરાતા શબ્દો આ બધું જ્યારે અન્ય સુશિક્ષિત પ્રજા વાંચે છે ત્યારે તેમની પાસેથી એવા શબ્દો સંભળાય છે કે આવા આચાર્યો અને આગેવાનો મેળવવા માટે જૈનસમાજ ખરેખર કમભાગી છે.

જૈનસાધુઓ સંસારની તમામ માયાજાળ, જગપ્રપંચ અને માન મહત્તાને છોડી આત્માર્થી તરીકે સાધુ થાય છે અને સમસ્ત સંસાર અને આત્મસાક્ષીએ યાવતજીવ પંચમહાવ્રત લે છે. આ વ્રતોનું બરોબર પાલન કરવામાં આવે તો તેઓના આત્માનું કલ્યાણ થાય છે અને તેથી સમસ્ત જગત ઉપર આધિપત્ય જામે છે. ખરા આત્માર્થી જૈન સાધુની આ સ્થિતિ હોવી જોઈએ. પરંતુ હાલમાં અમારા કહેવાતા આચાર્યોને હું પુછું કે તમોએ પંચ મહાવ્રત પાળવાની લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણપણે પાળો છો ? અરે એકાદ વ્રત પણ પૂરૂં પાળો છો ? કદાચ દંભ આદરી તમો હા કહેશો પરંતુ તમારી મહત્વાકાંક્ષા અહંભાવ પોષવા તમારા તરફથી રચાતા પ્રપંચો કાવાદાવાનો અનુભવ ડગલે ને પગલે સમાજને થાય છે. એટલે દંભતાથી તમોએ કહેલું એ માનવા સાફ ના પાડે છે.

શ્રીમંત આગેવાનોએ પણ સવેળા ચેતવાની જરૂર છે. સમાજના સાચા આગેવાન બનવું હોયતો સમાજના ઉદ્ધારના માર્ગે ચાલો અને આવા દંભી મહાત્માઓની લીલાઓને પોષવાથી દુર રહો. કારણ તેઓ તમારા સહકારથીજ સમાજમાં કલેશની હોળી સળગાવી અશાંતિ ઉત્પન્ન કરે છે. અને સમાજને વધુ નિર્બળ બનાવે છે. એ સત્ય આપ સમજો અને સમાજમાં ખરી શાંતિ જોવાની આપની ઇચ્છા હોય તો આપ આવી લખાણુબાજી અને ચોપેંજબાજીમાંથી ખસી જાવ અને એ દંભી સાધુઓને જરા પણ સાથ ન આપી તેમની સાથે અસહકાર કરશો તોજ તેમની બુદ્ધિમાં પરિવર્તન થશે, તેમનો અહંભાવ ઠેકાણે આવશે. આપના સહકારથીજ તેઓ દંભી અને અહંભાવી બની પંચ મહાવ્રતનો ભંગ કરી પાપ બાંધે છે. એ પાપ બંધનમાં આડકતરો આપનો સહકાર હોવાથી તેના અમુક અંશના આપ ભાગીદાર બનો છો એ સત્ય આપ સમજો.

જૈન સમાજનું થોડું પણ સદભાગ્ય છે કે યુવક બિરાદરોને આવી જાતની સાઠમારીમાં કાંઈ રસ નથી. સાધુઓના અહંભાવથી સેવાતા પ્રપંચો તેઓ સમજી ગયા છે. બુધ કે ગુરૂવારની સંવત્સરી થાય તેમાં કાંઈ વાંધો નથી, પણ એ પર્વ સંપૂર્ણ શાંતિથી ઉજવાય એવી આકાંક્ષા જરૂર રાખે છે. સમસ્ત સંઘ એકત્રપણે એ પર્વ ઉજવે તેમાં પર્વની મહત્તા વધે છે. બાહ્ય આડંબર કરતાં આંતરિક શુદ્ધિ માટેનું પ્રાયશ્ચિત તેઓ વધુ પસંદ કરે છે બહારની દેખાતી ક્ષમાપના કરતાં શુદ્ધ ભાવે હૃદયના ઊંડાણમાંથી અપાતી ક્ષમાને વધુ ગૌરવભરી માને છે ? તેથીજ હું મારા યુવક બિરાદરોને વિનવું છું કે તેઓએ પક્ષા પક્ષીમાં પડયા સિવાય તેમના પોતાના ગામમાં સંપૂર્ણ શાંતિથી એ પર્વ ઉજવાય એવા દરેક શક્ય પ્રયત્નો કરે તેવા પ્રયત્નો કરવા છતાં અશાંતિનો જરાપણ ભય જણાય કે તુરત તેમાંથી ખસી જાય. બુધ કે ગુરૂવારનું જરાપણ મહત્વ રાખ્યા સિવાય એ પર્વ સંપૂર્ણ શાંતિથી ઉજવે અને એને માટે બનતા શક્ય પ્રયત્ન કરે.

**યુવક બિરાદરો !** તમારા માથેજ સમાજના ઉત્કર્ષ માટેની જોખમદારી છે. તમારામાં સમાજના અમુક વર્ગની આશા બંધાઈ છે માટે આપણે બધાએ વધુ સંગઠીત થઈ આપણી આગેકુચ ચાલુ રાખવી જોઈએ. આપણા કાર્યમાં સૌથી પહેલાં સેવાનો અને સમાજ ઉન્નતિનો વિચાર હોવો જોઈએ અંગત સ્વાર્થનો અંશ પણ તેમાં જોઈએ નહિ. જેમ વધુ સંગઠીત થઈ આપણું કાર્ય આગળ ધપાવીશું તેમ સમાજ આપણા કાર્યથી વધુ પરિચિત થઈ સહકાર આપી આપણા કાર્યને વધુ ગતિમય બનાવશે. અને તેમ થયે આપણે બધા એક દિવસે ધારેલે સ્થળે વિજયપૂર્વક સફળતાથી પહોંચી જઈશું. માટે યુવક બિરાદરો શાંતિમય સેવાભર્યા કાર્યમાં પૂર્ણ સહકાર આપો અને તમારા મનોરથ સિદ્ધ કરો !

# તરૂણ જૈનના તંત્રીશ્રી જોગ

આપશ્રી.

આપણા સમાજમાં ચાલુવર્ષમાં સામાજીક ને ધાર્મિક અનેક અવનવા બની રહેલા બનાવો અંગે આ કાગળ લખવાની પ્રેરણા થઇ છે. તેને આપના પેપરમાં સ્થાન આપશો.

**તહોમતનામું.**

રામવિજયના ચરિત્ર અંગે અનેકવાર જાહેર પેપરોમાં ઉહાપોહ થતો ત્યારે ભકતોને એમજ સમજાવવામાં આવતું કે એતો નાસ્તિકો છે-ધર્મદ્રોહિઓ છે, એટલે બિચારા ભકતો રાજી રાજી થઈ સંતોષ પકડતા, પરંતુ થોડા મહિનાઓ પહેલાં મુનિ હંસસાગર જેઓ સંસારીપણામાં 'જૈન પ્રવચન' ના પ્રથમ સંપાદક તરીકે ત્રણવર્ષ સુધી રામવિજય સાથે કામ કરી તેની રીતભાતથી ખૂબ જાણકાર થયેલા છતાં અંધભકતવાઈથી ઉજળું દેખનાર સંસારી મટી શ્રીસાગરજીના શિષ્ય થયા પછી અંધશ્રદ્ધાના ચશ્મા ઉતરતાં રામવિજયથી જનતાને સાવધ કરવા "દીશા ફેરવો" નામની એક ચોપડી બહાર પાડી, તેમાં દરેક પ્રસંગ ઉપર મુદ્દાપૂરાવા ને ખુબ હકીકતો રજુ કરીને રામવિજય ઉપર નીચે મુજબ તહોમતો મૂક્યાં છે. "પ્રભુના ઉપદેશ વિરૂદ્ધ ઉપદેશ કરનાર ઉત્સૂત્ર ભાષીત; જુદા જુદા ઉભા કરનાર ખોટેખોટું હાંકે રાખી ઝેરી પ્રવૃતિઓને પોષનાર, પાટઉપરથી બંધામારી જનતને ઉંડીખાઇમાં પટકનાર વિશ્વાસઘાતી કાવાદાવામાં પારંગત ગ્રંથોને ભણાવનાર, કદાચહિ, કુળંદી દંભી ગાંડાને, આંધળાને ઉભારપીંડી કરીને છુપીરીતે દીક્ષા આપનાર, ગલીચભાષાના લખાણોમાં ગાળોની ઝડી વરસાવનાર, આચાર્યોને નિંદનાર, ભકતો મારફત ગીતાર્થોને ગાળો દેવરાવનાર" એ ચોપડીમાંથી આતો થોડી વાનગી મુકી છે, લેખકે તો અનેક પૂરાવા ટાંકી રામવિજયની કારકીર્દી ખુલ્લી કરી છે. છતાં સમાજની ચક્ષુઓ કયારેખુલશે ?

**અમારી પરિસ્થિતિ.**

અમારા પાટણમાં સમાધાનના ભણકારા અનેકવાર કાને અથડાતા અને હવામાંજ રહેતા. આખરે સંપબળની મહત્તા સમજાઇ ને બન્ને પક્ષોએ હાથ મીલાવી ગત વૈસાખમાં ઐકયતા સ્થાપી-સુલેહ કરી. ને સૌના અંતરમાં આનંદની ઉર્મિઓ ઉછળી. સંપ કોને ન ગમે !

પોતાનીમેળે ડાહ્યામાં ખપતા માણસો અનેકવાર એવી વાતોને આગળ કરતા કે 'ભાઇ ! સંઘમાં કુસંપ છે એટલે નવું તો કયાંથી સરજાય ! પણ છે તે હુંશાં ન થાય તો વધારે સારૂ, હમણાં સંપ હોય તો ઘણાંયે ઉપયોગી ખાતાં ખુલે-સારાં કામો થાય' સંપથયે લગભગ ત્રણ મહિના થયા પણ જ્યાં હતા ત્યાંના ત્યાંજ છીએ એક નવું ઉપયોગી ખાતુ ઉભું થયું નથી. હા. એક શરૂઆત થઇ છે. સાત સાત વર્ષથી ન્યાત નોકારશી ને ઉજાણીયોના જમણ બંધ હતાં તે શરૂ થયાં છે.

અમારા શહેરમાં સવાસો મંદિરો, ધર્મશાળાઓ, વાડીઓ ને ઉપાશ્રયોની સંખ્યા ગણીએ તો તે પણ સો ઉપર તો ખરાજ. આથીજ અમારી નગરી જૈનપૂરી કહેવાય છે. પણ એ જૈનપૂરીનાં એ મંદિરોને પૂજનારા-રક્ષનારા દિવસે દિવસે ઘટતા જાય છે. અનેક ખોટા રીતરીવાજોથી જર્જરીત બનતા જાય છે. છતાં એમને સાવધ કરી ટકાવવાની કોને પડી છે ? કેળવણીના સાધનોનો વિચાર કરીયે ત્યારે એક છાત્રાલય ને બાળાશ્રમ, જેમાં રહેવાની ને જમવાની સારી સગવડ આથી જૈન સમાજનું થોડુંજ હાજર રીટ છે ! તેને સમૃધ્ધ બનાવવા માટે તો, સુંદર બાળ મંદિર જોઇયે, છાત્રાલયની સાથેજ હાયસ્કુલ જોઇએ. વાણીજ્ય વિદ્યામંદિર જોઇએ હાઇએજ્યુકેશનમાટે હજારોની લોનો ને સ્કોલરશીપોની સગવડ જોઇએ, માનસીક ખોરાકને કચરાતા વિદ્યાર્થીઓને ઉત્તમ નાગરીક બનાવવા જૈનતરોની દશ વ્યાયામ શાળા ચાલે છે ત્યારે અમારી સમાજની એક વ્યાયામ શાળા નથી. મહોલ્લે મહોલ્લે વ્યાયામ શાળાઓ ને જ્ઞાનની પરબો બેસાડવાને વાડીયો ને ધર્મશાળાઓના કયાં તોટા છે ! પણ એ દશા તરફ વાળે કોણ ? સમાજને પ્રગતિની દીશા તરફ વાળવા જબર આંદોલન આદરવું જોઇએ.

જગતમાં જે જ્ઞાન ભંડારો અજોડ કહેવાય છે. ભૂતકાળમાં જેની પાછળ કરોડો ખરચાયા છે. તે જ્ઞાનભંડારોના રક્ષણમાટે એક સરસ્વતિમંદિરની જરૂર છે. એના માટે અનેકવાર વાતો થઇ અનેક હજારો આપવાની વાતો બહાર આવી છતાં સરસ્વતિમંદિરની ઉત્પતો ઉભીજ છે. થોડાજ વર્ષ પહેલાં આચાર્ય વિજયવલ્લભસૂરિએ સરસ્વતિમંદિર અંગે આપેલ ઉપદેશથી લોકો ઉપર ભારે અસર થઇ, ઉધરાણું થયું. બ્હેનોએ દાગીના ઉતાર્યા, ને કહે છે કે લગભગ પંદર હજાર એકત્ર થયા. તેમાંથી હજારો વસુલ થયા, સમાજને જ્ઞાનમંદિર હાથવેંતમાં જણાયું. આચાર્યશ્રીએ વિહાર કર્યો ને ઉત્સાહ અલ્પજીવી નીકળ્યો, ઉઘરાવેલી રકમ કયાં સુરક્ષિત છે. કેટલી છે. શી વ્યવસ્થા છે. તે ભરનારાઓમાં ઘણા ઓછા જાણતા હશે. ઉત્સાહના ઉભરા અનેકવાર ચડે છે ને ઉતરે છે હજી જ્ઞાનમંદિરનું ઠામ પડયું નથી,

એ પણ આપને કહી દઉં કે પાટણમાં ધનીકોનો તોટો નથી. છતાં પાટણ અનેક સાધનોથી વંચીત છે. જો ધનીકોને એની લક્ષ્મીનો સદ્ઉપયોગ કરવાનું સુઝે તો પાટણને કશીયે ઉણપ ન રહે.

અમારા આંગણે સંપ થયો તે હર્ષની વાત છે. પણ સાચો હર્ષતો સમાજની ઉન્નતિના માર્ગો લેવાય. સંઘના વહીવટી ધોરણ માટે બંધારણ ઘડાય ને બંધારણ સર ચાલે તો સમાજ પ્રગતિની આશા બંધાય બાકી નોકારશી ન્યાતો ને ઉજાણીઓના જમણપાછળ હજારોના ધુમાડા કરે કશીયે પ્રગતિ થવાની નથી એ ઘણા સમજે છે. છતાં મહોટાઇ ને વાહ વાહની લતમાં ખેંચાય છે. ને સમાજને નુકસાન થાય છે.

**આરામ**

તમારા ગતઅંકની જાહેરાત ઉપરથી સમજાયું છે કે તમારે તરૂણ આરામ લેવાનું છે. ભલા ભાઇ ! હાલના સંજોગમાં એ આરામ યુવાનોને ખટકે તેવો છે. જ્યાં દા લાગી રહયો હોય ત્યાં આરામ ખપે ? છતાં મને તો ખાત્રી છે કે એ આરામમાંથી નવુંલોહી મેળવી તરૂણ સુધારાના જંગમાં વેલાસર ઉતરશે.

# જૈન સમાજની પરિસ્થિતિ.

બે યુવક બંધુઓ મુંબઇથી દેશમાં જતા બેઉએ સેંન્ટ્રલથી પાલઘર સુધી વર્તમાન જૈન સમાજની પરિસ્થિતિ ઉપર વિચાર વિનિમય કરે છે. ... ... ... ... ... ... ... ... લેખક.

પહેલો યુવક:—આપણાં સમાજમાં જે છિન્ન ભિન્ન દશા નજરે પડે છે, સંગઠનનો અભાવ છે. અને દિન પ્રતિ દિન, પડતીનાં નિશાન નજરે પડતાં જાય છે. તેમાંથી ત્હેને ઉગારવાનો કોઇ માર્ગ નિકળી શકે ખરો ?

બીજો યુવક:—માર્ગ તો ઘણુંયે નિકળી શકે, પરંતુ ત્હેમાં બહુજ મોટી મુશ્કેલીઓ છે. ખાસ કરીને સમાજમાં આગેવાન ગણાતી અને પ્રતિષ્ઠિત મનાતી વ્યક્તિઓ જો એ બાબત મન ઉપર લે તો જરૂર સમાજ સંગઠિત અને પ્રગતિમાન બની શકે, પણ તેઓનું માનસ પરાધીન છે, અમુક આગેવાન અમુક આચાર્યનો રાગી અને બીજો, આગેવાન બીજા આચાર્યનો રાગી. આમ અનેક આચાર્યોના અનેક રાગી, આગેવાનો, ભક્ત મંડળો અને તડો પડેલાં છે, એટલે વિકૃત માનસવાળાં આચાર્યોનાં હથીયાર તરીકે રહીને એકનું વ્યક્તિત્વ હલકું કરવા અને બીજાનું વ્યક્તિત્વ વ્યાપક બનાવવા કલહની ચીનગારીઓ મૂકી રહ્યા છે.

પ— જૈન સાધુઓ તો રાગ દ્વેષ જીતવા મથે છે, અને ત્હેમાંયે આચાર્યોમાં તો એ બાબત જોઇએજ નહિ. છતાં સામાજીક કાર્યમાં તેઓ શા માટે માથું મારે છે ત્હેમનો સમાજની સાથે કશો સબંધ જોઇએ નહિ, ત્હેમને તો કોઇ મુમુક્ષુ ત્હેમની પાસે જાય તો ત્હેને ધર્મોપદેશ આપે આટલુંજ ત્હેમનું કાર્ય હોય છે.

બી:—ભાઇ ! ત્હમે કહ્યું તે બાબત સાચી છે પરંતુ એ સાધુઓ અને આચાર્યો પહેલાના જમાનામાં હતા, જ્યારે જૈન સમાજ પ્રગતિની ટોચ ઉપર હતો, તેઓતો, જંગલમાં રહેતા, સામાજીક બાબતોથી તદ્દન અલિપ્ત રહેતા, ખરા મધ્યાન્હે ગોચરી નિકળતા એક વખત ભોજન કરતા, વસ્તીથી દુર રહેતા આત્મધ્યાનમાં લીન રહેતા, અને હજારો સાધુઓ એકજ આચાર્યની આજ્ઞામાં રહેતા, તેઓમાં કોઇ મતભેદ નહોતો એમ નહિ: પરંતુ તેઓ પરસ્પર એક બીજાનાં સહકારથી તેનો તેઓ તોડ કાઢતા હતા, ત્યાર પછી તો સમય ફર્યો, સાધુઓમાં શિથિલતા આવી તેઓ ચૈત્યવાસીઓ બન્યા આ બાબત થઇ નવથી બારમી સદીની. એ અરસામાં જુદા જુદા ગચ્છો અને ઉપગચ્છો અસ્તિત્વમાં આવ્યા, અને અવિભક્ત જૈન સમાજના ભાગલા પડયા, ત્યારપછી સંવેગી સાધુઓનો સમય આવ્યો, તેઓ સમાજમાં ભાગલા પાડવાથી દુર રહ્યા અને આપસનું સંગઠન કરી એક આચાર્યની આજ્ઞામાં રહેવા લાગ્યા. ત્હેમની પાસેથી પ્રેરણા મેળવી સમાજે કળાને અપનાવી, અને આબુ જેવા મંદિરો કે જે કળાનાં નમુન અને અજોડ ધામો ગણાય છે, તે અસ્તિત્વમાં આવ્યા. કીર્તિદાન પાછળ કરોડો નહિ બલ્કે અબજો રૂપીયા ખરચાવ્યા, અને ત્હેમની માન્યતા મુજબ જે જાતની પ્રગતિ સાધી શકાય તે સાધી, આમ બારથી સત્તરમી સદી સુધી ચાલ્યું, ત્યાર પછી તેમનું પતન થયું, તેઓ પાલખીમાં બેસવા લાગ્યા, પૈસા રાખવા લાગ્યા, અને બાદશાહી ઠાઠમાં રહેવા લાગ્યા, અને જૈન સમાજની અજ્ઞાનતાનો જેટલો લાભ લેવાય તેટલો લઇ તેમના ઉપર તાગડધિન્ના કરવા લાગ્યા આ પરિસ્થિતિ પણ નાબુદ થઇ અને તેમનું સ્થાન આજના સાધુઓએ લીધું. જો કે આજના સાધુઓ પાલખીમાં બેસતા નથી, પરંતુ પરોક્ષરીતે બધું કરે છે. તેમની મહત્વકાંક્ષાને હદજ નથી. ચારસો સાધુઓમાં ચાલીસતો આચાર્યો છે. અને તે બધા અહમેંદ્રો છે. દરેકને પોતાની વિદ્વતાનું ઘમંડ છે. દરેકને સર્વોપરિ બનવાની તમન્ના છે, અને તે માટે પોત પોતાના જુદાં જુદાં ભક્ત મંડળો ઉભા કર્યાં છે. આમ સરળતાનો ગેરલાભ લેવાઇ રહ્યો છે. આ પરિસ્થિતિ જ્યાં સુધી સુધરે નહિ ત્યાં સુધી પ્રગતિ અશક્ય છે.

પ— પણ આવા આચાર્યોની મહત્વાકાંક્ષા પોષવા માટે જનતા સાથ શા માટે આપે છે ? જો જનતા સાથ ન આપે તો આ આચાર્યો શું કરવાનાં હતા ?

બી:—ભાઇ એ બાબત ખરી છે. પરંતુ આ આચાર્યોએ સ્વર્ગ નરકનાં એવાં ચક્કર ઉભાં કર્યા છે. અને ધર્માભાસનાં ચક્રાવામાં જનતાને એવી રીતે પાડી દીધી છે કે તેમને હિતાહિતની ખબરેજ પડતી નથી, આગેવાનોમાં પણ આજ મ્હોંકાણ છે. આચાર્યોની મીઠી નજરથીજ તેઓ આગેવાન બન્યા હોય છે. વળી આચાર્યની મીલકત ઉપર તેમને તાગડધિન્ના કરવાના હોય છે અને વાકચાતુર્યની ઇન્દ્રજાળ તેમને અનુયાયીઓ મેળવી આપે છે. આમ તેઓ પોતાનો ચોકો જુદો જમાવી સમાજનાં ભાગલા પાડયેજ જાય છે.

પ:—ત્યારે શું આવા બે જવાબદાર અને સ્વાર્થી લાલસાઓને પોષતા મહત્વાકાંક્ષી આચાર્યોની જનતાપરની ઇન્દ્રજાળ તોડવાનો કોઇ માર્ગજ નથી ?

બી:—મેં પહેલાંજ કહ્યું કે માર્ગ તો ઘણાયે છે. પરંતુ એ અમલમાં મુકવાની મુશ્કેલી છે. પ્રથમ તો આત્મભોગ આપનારા અને સેવા ભાવી બંધુઓ જોઇએ કે જેઓ સ્થળે સ્થળે જઇ ગમે તેવા વિરોધની અવગણનાં કરી સમાજને સત્ય વસ્તુથી વાકેફ કરે, અને બીજું સમાજને કેળવણી આપવાની ખુબ આવશ્યકતા છે આ બધી મ્હોંકાણ અજ્ઞાનતાની છે. જો સ્થળે સ્થળે કેળવણી અને સત્ય બીનાથી ભરપૂર સાહિત્ય પીરસવામાં આવે તો, આ પરિસ્થિતિ ઘણે અંશે નાબુદ થઇ શકે.

# મહારાજનું વ્યાખ્યાન

આ લેખમાં જે ઘટના ચીતરવામાં આવી છે હેને કોઇ કાલ્પનિક ન સમજે પરંતુ થોડા સમય પહેલાં એક ગામમાં બનેલ નક્કર ઘટના છે.... ... ... ... ... ... ... ...લેખક.

જમના ? ઓ જમના ? જલ્દી ચાલ, વ્યાખ્યાનનો સમય થઇ ગયો છે, મંછા ડોસીએ બુમ મારી: આ આવી, વીસ વરસની મદભર યૌવનાએ ઉત્તર આપ્યો, હેના અંગે અંગમાં યૌવન નિતરતું હતું, હેની ગજગામીની ચાલ ગમે તેવા સંયમીને પણ આકર્ષક કરી શકે તેવી હતી, એવી એ નવોઢા જમના મંછા ડોસીની સાથે મહારાજનું વ્યાખ્યાન સાંભળવા ચાલી, ઉપાશ્રય કંઈ લાંબે ન્હોતો.

મહારાજનું વ્યાખ્યાન ચાલી રહ્યું હતું. શ્રોતાઓ જી, મહારાજ જી મહારાજ કરી મહારાજને પ્રોત્સાહન આપી રહ્યા હતાં, એક બાજુ પુરૂષો અને બીજી બાજુ સ્ત્રીઓનાં જુથનાં જુથ જામ્યાં હતાં, તેટલામાં સ્ત્રી તરફની બેઠકમાં કંઇ ગડબડાટ થયો અને મહારાજનું લક્ષ તે તરફ ખેંચાયું. મંછા ડોશી અને જમનાં બેઠેલી સ્ત્રીઓથી આગળ બેસવાનો પ્રયત્ન કરતી હતી, અને બેઠેલી સ્ત્રીઓ હેનો વિરોધ કરતી હતી, ઓહો કોણ મંછા ડોસી ? બહુજ ધર્મિષ્ઠ બાઇ છે. હેમને આગળ બેસવા દો, મહારાજે કહ્યું. ઘોંઘાટ શાંત થયો મહારાજનું વ્યાખ્યાન આગળ ચાલ્યું, સંસારની અસારતાનો ઉપદેશ ચાલતો હતો, આ જગત મિથ્યા છે. બ્રહ્મજ સત્ય છે. હેની જોડે સુયોગ સાધવો જોઇયે, મહારાજની અસ્ખલીત વાકધારા શ્રોતાઓનાં મનરંજન કરી રહી હતી, આમ અરધું વ્યાખ્યાન પુરૂં થયું. પોરસીભણાણી. મંછા ડોસીએ જમના પાસે ગહુંલી ગવરાવી, એ અરસામાં મહારાજની દૃષ્ટી જમના તરફ ચુપકીથી પડી જતી હતી. વ્યાખ્યાનનો ઉત્તરાર્ધ શરૂ થયો, વસ્તુપાલ પ્રબંધ ચાલી રહ્યો હતો, મહારાજે સ્ત્રીઓની ખુબ પ્રશંસા કરી અને નારી એ રત્ન ખાણુ છે, તિર્થંકરોની માતા પણ સ્ત્રીઓજ હતી, વગેરે ખુબ કહ્યું વ્યાખ્યાન પૂરું થયું, શ્રોતાગણ વિખરાયો, ફક્ત મંછાડોસી અને જમનાં મહારાજને વાંદવા રોકાયાં, મહારાજ પોતાનાં પ્રાઇવેટ રૂમમાં ગયા મંછાડોસી જમનાને લઇ મહારાજનાં પ્રાઇવેટ રૂમમાં ગઇ ત્યાં મહારાજને જમનાની ઓળખ આપતાં કહ્યું કે આ અમારા ચંપકલાલના વહુ બહુ સુશીલ અને ભણેલી છે. જીવવિચાર, નવતત્વ દંડક વગેરેમાં પારંગત છે, મહારાજે જમનાં તરફ આશ્ચર્યભરી નજર નાંખી, કહ્યું કે ઓહો ! જૈન સમાજમાં આવીજ વિદુષીબાઇઓની જરૂર છે કે જેથી પોતાની સંતતિમાં ધાર્મિક જ્ઞાનનો વિકાસ કરી શકે. હજુ હેને અભ્યાસ આગળ વધારવાની જરૂર છે, કર્મગ્રંથનો અભ્યાસ થાયતો ઠીક કહેવાય પરંતુ તેવા ગ્રંથોતો હેના સારા જાણકાર પાસેજ શીખવા જોઇએ. મંછાડોસીએ તાપસી પૂરી મહારાજ એજ મુશ્કેલી છે ને ? આવા નાનાં ગામમાં એવા પંડિતો મળેજ ક્યાંથી ! આપજ કૃપા કરીને જમનાને ભણાવો તો અનુકુળ પડે અને બપોરના ટાઇમમાં આપની પાસે ભણવા આવે, ઠીક છે, મહારાજે કહ્યું ! મને સમય નથી છતાં જમનાને કંઇ ના કહેવાય ? હું ખુશીથી તેને ભણાવીશ, જમનાને ખુબ સંતોષ થયો. અને મંછા ડોસીને જમનાનો સમય જ્ઞાનગોષ્ઠિમાં જશે. એમ ધારી સ્વર્ગ મળ્યાનો આનંદ થયો.

બીજા દિવસથી જમનાનો અભ્યાસ શરૂ થયો, મહારાજ પોતાનાં પ્રાઇવેટ રૂમમાંજ જમનાને પાઠ આપવા લાગ્યા, બપોરનાં જમનાં મહારાજ પાસે જતી, ઉપાશ્રયમાં તે વખતે ભાગ્યેજ કોઇ માણસ મળતો, બે ચાર દહાડાતો ઠીક ઠીક ચાલ્યું, પરંતુ એક દિવસે મહારાજે કહ્યું કે જમનાં તું દૂર કેમ બેસે છે ? નજીક આવ ? જમનાં મહારાજનાં આ વાક્ય પાછળનાં આશયને સમજી શકી નહિ, તેનું મન પવિત્ર હતું, દુનીયાદારી અને ધુર્તતાનો તેને અનુભવ ન્હોતો, આવી ભોળી ભલી અને સરળબાઇને મહારાજ ઉપર અવિશ્વાસ કેમ આવે ? તે પોતે બેઠી હતી. ત્યાંથી જરા નજીક આવી, પરંતુ મહારાજને સંતોષ થયો નહિ તેણે કહ્યું કે હજુ નજીક આવ કારણ કે પાઠ આપવામાં મને મુશ્કેલી નડે છે. જમનાં નજીક બેઠી. મહારાજ અને જમના વચ્ચે અર્ધા હાથનું અંતર હતું, મહારાજે ખસતા ખસતા છેક જમનાના ગોઠણ ઉપર ગોઠણ લગાવી દીધો, જમના ચમકી, મહારાજ આશું ? અને તે એકદમ દુર ખસી ગઇ, મહારાજે કહ્યું જમના તું ગભરાય છે કેમ ? તેમાં શું થઇ ગયું. આમ આવ એ પણ એક કર્મનો પ્રકારજ છે ને ? તેની આંખમાં કામદેવનું તેજ ચમકતું હતું. જમનાએ એ જોયું હવેજ જમનાને મહારાજની મનોદશાનો ખ્યાલ આવ્યો, હજારો માણસને ડોલાવનાર માણસ આટલો પામર ? તેને કંટાળો આવ્યો. મહારાજ ઉપર તેને ખુબ તિરસ્કાર છુટયો પોતાનાં હાથમાંનો કર્મગ્રંથ મહારાજનાં મોઢા ઉપર મારી તે ઉપાશ્રય છોડી ગઇ. સાંજનાં પોતાના પતિ ચંપકલાલને વાત કરી, પરંતુ ચંપકલાલે આવા વિદ્વાન અને ચારિત્રધારી સાધુ માટે એ માનવાની સાફ ના પાડી, અને આવાત કોઇને પણ ન કરવાને સખ્ત તાકીદ આપી, બીજે દિવસે મંછાડોસી જમનાને વ્યાખ્યાનમાં જવા માટે બોલાવવા આવ્યા ત્યારે જમનાએ કહ્યું કે જહાન્નમમાં જાય વ્યાખ્યાન મારે સાંભળવું નથી. મંછાડોશીને બહુજ આશ્ચર્ય થયું જમનામાં આવો એકાએક ફેરફાર જોઇ તેને નવાઇ ઉપજી. તેણે જમના પ્રત્યે મમતા બતાવી. અને આવા ફેરફાર માટે કારણ પૂછ્યું. જમનાએ બધી વાત કહી, મંછાડોશીને જુનાકાને આ બધી નવાજુની સાંભળી હળાહળ કલિયુગ આવવાની પ્રતિતી થઇ, તેઓ વ્યાખ્યાનમાં તો ગયાં. પણ મહારાજ ઉપર સખ્ત નજર રાખતાં હતાં, મહારાજની દૃષ્ટિ વારંવાર સ્ત્રીઓ તરફ જતી જોઇ અને તેમના આચરણમાં કંઇક ફેર પડતો જોઇ જમનાની વાતમાં તેમને વિશ્વાસ આવ્યો, તેમણે મહારાજને સખ્ત શબ્દોમાં એકાંતમાં ઠપકો આપ્યો.

બીજે દિવસે ઉપાશ્રય ખાલી હતો, મહારાજ વિહાર કરી ગયા હતા; આમ એકાએક વિહારના કારણની કોઇને ખબર પડી નહિ, માત્ર બેજ જણ જાણતા હતાં, મંછાડોસી અને જમના. ત્યાર પછી જમનાએ કોઇપણ સાધુપાસે અભ્યાસ કરવાની તેમજ વ્યાખ્યાન સાંભળવાની ઇચ્છા કરી નથી.

# સમજુ અને શાણો

—લાલુ શાહ.

નિશાળમાં આજે રજા હતી. છોકરાઓને ખૂબ મઝા હતી. બધા છોકરા મેદાનમાં રમવા જતા હતા. મેદાનના સ્વતંત્ર વાતાવરણમાં બાળકો નાચતા, કૂદતા કે દોડતા જણાતા હતા.

માત્ર અનિલ ગણિતના અઘરા દાખલાની ગૂંચ ઉકેલતો એના ઓછા પ્રકાશિત હવા વિનાના ઓરડામાં બેઠો હતો. એક પણ દાખલો મળતો ન હતો. એના મુખ પર કંટાળાની રેખાઓ સ્પષ્ટ જણાતી હતી. દાખલો તો કેમ મળે ? એનું મન મેદાનમાં ભમતું હતું. દોસ્તોની સાથે ક્રિકેટના દાવ ખેલતું હતું. એનું ચાલે તો ચોપડાં ફગાવી સીધો મેદાનમાં જાય, પણ જવાનો વિચાર આવતાં માની બીતિ લાગતી. એની બા એના સમજુ અને શાણા કુંવરની પ્રશંસા કરતી અને ગામના રખડુ છોકરાની ટીકા કરતી બારણામાં બેઠી હતી. વારંવાર અનિલ બારણા આગળ જતો પણ બાને બેઠેલી જોઈ ઊંડો નિસાસો નાખી પાછો ફરતો. સાંજ પડવા આવી. બા દર્શન કરવા જાય તો સારૂં એવી આશા બાંધી તે રાહ જોતો હતો.

બા દર્શન કરવા ગયાં. પણ જતાં જતાં અનિલને ડર દેખાડતાં ગયાં 'જો જરાપણ બહાર પગ મૂક્યો તો આવીને તારા હાલ શા કરૂં તે જોજે.' બધી આશા મનમાં શમી ગઈ. હતાશ બની અનિલ રડવા જેવો બારીમાં ઉભો રહ્યો.

એટલામાં મનુ આવ્યો. તેના હાથમાં એક નવો સરસ બોલ હતો. તેની સાથે બીજા બે છોકરાઓ હાથમાં બેટ, સ્ટમ્પ, વગેરે લઈ આવ્યા.

'કેમ, અનિલ ! આવે છે ને ? ' મનુએ પૂછ્યું.

'કયાં ?'

'રમવા' બોલ ઉછાળતાં મનુએ જવાબ આપ્યો.

'ના. મને મારી બા મારી નાખે.' અનિલે નિઃશ્વાસ નાખી કહ્યું

'દાખલા ગણવા હશે ! મનુએ કટાક્ષમાં કહ્યું.

'ના. મને તો રમવાનું ગમે અને આ દાખલા તો કંટાળો આપે છે.'

'ત્યારે ચાલની. હું આવીને તારી બાને સમજાવીશ.'

'ઠીક. પણ જો, તારે મારી બા આગળ આવી કહેવું પડશે.'

'હા. હા. હવે તો સુખડાં પહેર.'

અનિલ, મનુ અને મિત્રો મેદાન તરફ ચાલ્યા. અનિલના મુખ ઉપર નવું ચેતન આવ્યું અંગો સ્ફુર્તિમાં આવવા લાગ્યાં.

(૨)

મેદાનમાંથી બાળકો રમીને પાછાં ફરતાં હતાં. મનુની ટીમ જોર આનન્દમાં હતી.

'અનિલે તો આપણી આબરૂ રાખી.' એક છોકરો બોલ્યો.

'અનિલ જો રમે તો બીજો બેટ્સમેન થાય.' બીજાએ અનુમોદન આપ્યું.

'વાહ અમારા અમરનાથ ! ' ત્રીજાએ અનિલની પીઠ થાબડી.

'અરધી સદી ને નોટઆઉટ ! કમાલ કરી દોસ્ત ! ' એક જણ બોલ્યો.

પણ અનિલના મનમાં ઉલ્લાસ ન હતો. એના પગ ઉપડતા ન હતા. બાની બીકે એ ધ્રુજતો હતો.

ઘર આવ્યું. વાટોમાં મિત્રો છુટા પડ્યા. મનુ પણ મોડું થતું હોવાથી ચાલ્યો ગયો. જાણે ઉંડા અંધકારમાં, ધડકતે હૃદયે ડગ ભરતો હોય તેમ અનિલ દાદર ચઢતો હતો.

'આવ્યોની મારા રોયા રસોઈ કરતાં રમાબહેન ઉકળ્યાં.

'પણ બા !—

'મારે કંઈ સાંભળવું નથી.' રમાબહેન, ક્રોધથી રાતાપીળા થતાં બાડુક્યાં.

'પણ બા !—અનિલનું વાક્ય પૂરૂં થાય તે પહેલાં તેના અંગો પર મુક્કા અને લપડાક પડવા લાગ્યાં. પોતાનો છોકરો આમ રખડુ બની જાય એ અનિલ ડાહ્યો બની વાંચ્યા કરે એજ એમને ગમતું

ઓફિસમાંથી કંટાળી અનિલના પિતા આવ્યા. એ આરામ લે તે અગાઉ રમાબહેને અનિલની વાત ઉખેળી.

'આ જોયો તમારો અનિલ !

'કેમ શું ?

છુટ આપીને છકાવી દીધો, સમજુ સમજુ કરી મારા છોકરાને રખડુ બનાવી નાખ્યો.'

'પણ વાત શી બની ? '

'શું હોય બીજું ? જરા આઘાં પાછાં થયા કે આ દોડયા. ન વાંચવું, ન ભણવું. કોણ આવા છોકરાને ટીઠુંય નાખવાનું ? રમાબહેનની વાગ્ધારા અસ્ખલિત વહેતી હતી.

અનિલ એક ખુણામાં રડતો બેઠો હતો. બાપે બે ચાર તમાચા ચૂડવાદીકરાને સમજુ અને શાણો બનાવવા.

તે રીતે અનિલ ડુસકાં ભરતો પથારીમાં આળોટતો હતો.

(૩)

રમાબહેન હવે ખુબ ખુશ રહે છે. એમનો અનિલ ઘરની બહાર પગ પણ મૂકતો નથી. સમજુ અને શાણો એ વિશેષણો એને વળગી ચૂક્યા છે. માબાપનો એ ડાહ્યો ડમરો કુંવર નિશાળમાંથી નીસરી સીધો ઘેર જઈ પાઠ વાંચવા માંડે છે.

પણ એ શરીરે સુકાતો જાય છે. માબાપ બહુ ચહાલથી દવા અને ખોરાક કરે છે. અનિલના જીવનમાં ઉલ્લાસ જણાતો નથી. 'છોકરો કેવો ગંભીર છે !' એમ કહી બાપ દીકરાના ગુણ ગાય છે. નિશાળમાં શિક્ષકો એના શાંત સ્વભાવનાં વખાણ કરે છે.

કોઈ જોતું નથી કે અનિલનું જીવનકુસુમ અકાળે કરમાતું હતું—તેમાંથી સત્વ અને સુવાસ સરી જતાં હતાં.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઈમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.